૩૫૪૨

હસ્તામળ ગ્રંથ.

અથવા.

બ્રહ્મજ્ઞાન ઉપદેશ

(શિવહર સંવાદ)

શ્રી શબ્દ બ્રહ્મે કરેલો સુદ્ધ કરાવી

પ્રસિદ્ધ કરનાર.

શા. માધવદાસ પિતાંબરદાસ.

નડિયાદ.

"ન્યુ" ગુજરાત પ્રિન્ટીંગપ્રેસ.

સને ૧૮૮૮

મૂલ્ય ત્રણ આના.

૩૫૯૦

ઉપોદ્ઘાત.

આ ગ્રંથનું નામ હસ્તામળ છે, જેમાં શ્રી ઉમાપતિએ ઉમીયા પ્રત્યે સંવાદરૂપે બ્રહ્મજ્ઞાન ઉપદેશ કર્યો છે, તેના આધારે શ્રી શબ્દ બ્રહ્મ કવિએ મુમુક્ષુ જનના હિતને વાસ્તે (ગુજરાતી ભાષામાં) કવિતારૂપે લખેલો અદ્યાપિ સુધી આવો પૂરાતની બ્રહ્મજ્ઞાનનો ગ્રંથ દેખાવમાં આવ્યો નથી. ૨૨ભાષ[illegible]લીધે આ સમગના સર્વ મનુષને સુબોધકારક અને મનનો ચાંચલ્યરૂપ રજને ધર્મ નાશ કરીને સ્થિરતા દર્શક થઇ પડશે, વળી કાલને નિવારણ કરનાર અને યોગીને સ્વેચ્છા પૂર્વક દેહત્યાગ કરવામા યોગ્ય છે. તત્વજ્ઞાનનો ઉદય કરીને વાસનાનો ક્ષય પૂર્વક જીવન્મૂક્તિ સુખનો ઉદ્દેશ છે.

આવું પુસ્તક બ્રહ્મજ્ઞાન યોગ[illegible] જાણનાર લોકોને બહુજ ઉપયોગી છે. હસ્તામળ ગ્રંથ ઘણાજ પ્રાચિન સમયનો છે, બહુજ શ્રમથી સંપાદન કરી સાધુ સંત અને હરીભક્ત લોકને વાસ્તે સુધરાવી છપાવી પ્રસિદ્ધ કર્યો છે, કે જેથી કરી આ સંસારમાં પતંગીયા માફક જ પક્ષાતા મનુષ્યોને ભવસાગર તરી પાર ઉતરવા સારૂ સેહેલ થઈ પડશે.

મહારા ઉપર સર્વ સજ્જનો કૃપા કરી આ ગ્રંથ માન્ય કરી ઉપયોગમાં લેવાને ચુકશો નહિ.

હસ્તામળ ગ્રંથ.

પિતૃ માતૃ તુંતો, વળિ જરૂર ત્રાતા જગતનો,
નિત્યે શાતા દાતા, ભગિનિ જન ભ્રાતૃ ભગતનો;
પુરાણે પંકાતા, પ્રભુજી કરૂણા કોટિ કરજો,
મહા શક્તિ દેવા, સકલ તનના તાપ હરજો

ન મારામાં નીતી, નથિ હજુજ પ્રીતી વિભુ પદે,
નથી સારી રીતી, નથિ અધિક બીતી ધરિ રદે;
તથાપી હે દેવા, બિરદ રદયે શૂધ્ધ ધરજો,
મહા મુક્તિ દાતા, અભયકરી સેંહુ પાપ હરજો.

બ્રહ્મજ્ઞાનઉપદેશઃ ઉમા મહેશ્વર સંવાદ પ્રારંભ

આદિ ગણેશને પ્રણમુ જે ગરવા ગુણ ભંડાર
પ્રથમ પહેલો સમરીયે જે વર તે જેજેકાર
બ્રહ્મ તનયા સરસ્વતિ લાગુ તેહને પાય

નિરમળ બુદ્ધિ મુજને આપીયે, સેવક હરિ ગુણ ગાય
શ્રી ગુરૂને નીચો નમી મનમાં ધરી ઉલ્હાદ
સંત કૃપાયે ગાઇયે શ્રી દેવી સંવાદ
અવીગત્ય સ્વરુપને પ્રણમુ નિરાકાર પરબ્રહ્મ,
શબ્દાદિક વર્જિત સદા રહીત આકાર ગુણ કર્મ
અનીર વચની અનાદિ અજ અક્ષર શવિ અરૂપ
ઉત્પતિ સ્થિત લય કારિણી અવસ્થા આત્મક રૂપ
સર્વે પેહેલો પ્રસિદ્ધ શિવ અવીગત પુરાતન ઇષ્ટ
ઉમયા ઇશ્વરને સ્તવે જય જય શ્રી જુગદીશ
ગૌરિ કૈલાસ સિખર વિષે બેઠા જગત ગુરૂદેવ
દેવી પુછે શિવ પ્રત્યે બ્રહ્મ [illegible] પ્રશ્ન.

શ્રી દેવ્યુવાચ

ઉત્પતિ સ્થિત સ્વામિ સૃષ્ટિ તણી,
કહો ક્યાં હોય કૈલાસ જ ધણી,
બ્રહ્મ જ્ઞાન કહો મુજને તેહ ઉત્પત પ્રલય વરજીત જેહ

શ્રી શિવ ઉવાચ

દેવી સૃષ્ટિ અવીગતથી હોય
અવીગતમાં લય પામે સોય
બ્રહ્મજ્ઞાન અવિગત તત્વ જેહ
ઉત્પત્ય પ્રલય વર્જિત તેહ

શ્રી દેવ્યુવાચ પુર્વ છાયો

દેવી પુછે કહો શિવ દેવ ચૌદ વિદ્યાનો નિશ્ચે ભેવ
મંત્ર પુજા કહો તપ ધ્યાન, ધર્મ કર્મ લક્ષણ કહો નામ

શ્રી શિવ ઉવાચ ચોપાઈ

ઓંકાર આદિ સર્વ દેવ વિદ્યા ત્યાંથી થૈ અસ્મેવ
ધર્મ કર્મ વિદ્યાથી હોય મંત્ર પુજા તપ ધ્યાનજ સોય
સ્થુલ વ્યવહાર તણી એ પ્રવૃત જ્યાંલગેમન પામ્યુનહોયનિવૃત
મન નિવૃત્યા વિણ જો તજાય દેવી ઉભે ભ્રષ્ટતે થાય
ચાર વેદ ષડાંગ સુજેહ, ધર્મ સાસ્ત્ર પુરાંણ ત્યાં જેહ;
મિમાંસા અને સાત્વિક સ્મૃત, ચૌદ વિદ્યા દેવીએ સત.
વિદ્યા સકલ તે ત્યારે જાણ, જ્યાં લગિ જ્ઞાન હોય નિર્વાણ;
બ્રંહ્મ જ્ઞાન તણે ગયે પાર, વિદ્યા સહુ ત્યારે થઇ નિરતાર.
(જેમ) નાનાં નદી સાગરમા ભલી, તે જલ પાછું ન આવે વળી,
(તેમ) બ્રંહ્મ જ્ઞાને સ્થિતિ પામે યદા, કર્મમાં હિરત નોહે તદા.
વેદજ વિદ્યા સાસ્ત્ર પુરાણ, એ વિદ્યા ચૌદે કર્મ પ્રમાણ;
શાંકરી વિદ્યા વિના સર્વ કર્મ, (જેમ) સદ્ કુલ વધુ તણો ગુપ્ત ધર્મ
મર્મ કોઇ ન લહે તે તણો, પતિવૃતાનો ધર્મ છે ઘણો;
તપ તિર્થ તણી સુ સુપા કરે, અન્ય કોઇ હૈયે નવ ધરે.
(તેમ) શાંકરી વિદ્યાએ હરિ ભજે, ચૌદ વિદ્યા નાંના દેવ જે;
શાંકરી વિદ્યા નિર્ગુણ નિષ્કર્મ, સેવે સદા તે આત્મ ધર્મ
વેદ પુરાંણ પરોક્ષ વદે. શાંકરી રામ દેખાડે હૃદે;
વેદજ વિદ્યા તિર્થ વૃત કહે, શાંકરી ઘટ માંહે ઉન્મુનિ રહે
દેહમાં વિદ્યા દેહ સું દેવ, દેહ માંહી તિર્થ છે અસ્મેવ;
ગુરૂ વાંણી વિના નવ લહેકો, કોટી ઉપાય કરીને જો.
સદ્‌ગુરૂ વચને ભાગે ભ્રાંત, વિદ્યા શાંકરીએ મન શાંત;
નરને અધ્યાત્મા ઉપદેશ એહ; વિદ્યા શાંકરી ધરવી જેહ.

મોક્ષ સુખ આપેજ અસ્મેવ, એવું બોલે શ્રી માહાદેવ;
તપ જપ ધર્મ વેદે જે કહ્યું, શાંકરીએ સર્વ પૂરણ થયું.
કાષ્ટ મધ્યે હુતાશન જેમ, દેહમાં દેહી રહ્યો તેમ;
તીલમાં તેલ પુષ્પમાં વાસ આત્મા ઘટઘટે પ્રકાશ.
ઇક્ષુ ગુડ દુગ્ધ અને ઘમ આહ્ય, તેમજ બ્રહ્મ અભ્યંતર બાહ્ય;
જેમ ઉપાય કરતાં એ પેખિએ, તેમ આત્મા અનુભવે
દેખિએ.
આત્મા અવિછીન્ન રહિત પુન્ય પાપ, કૂટસ્થ સાક્ષી આપો
આપ;
ઇંદ્રિગુણ અંતઃકરણ ગળે, આત્મારામજ ત્યારે મળે.
વળી આત્મ તત્વ જાણવા મર્મ, અને મુદ્રા કહું દેવી નિષ્કર્મ;
મુદ્રા દેવી જેણે લહી, આત્મ તત્વ તે જાણે સહી.

પૂર્વ છાયો.

મુદ્રા સકલમાં મુખ્ય છે, નામ ખેચરી જેહ;
અદંડ અકર્મુજ અનામય, નિરાલંબ છે તેહ.
મુદ્રા ખેચરી અનુભવે, તો પામે મન શાંત;
દેવી એહ તત્વજ ગ્રહો, કહે શિવ સત્ય સિદ્ધાંત.

ચોપાઇ

શાલિંગ્રામ સિદ્ધાંત જ્યાં એહ, પંચેદ્રિ સગસ્વર છે જેહ;
ચૈતન્ય દેહીની પુજા કરો, શબ્દાદિકને સુમતે ધરો.
પ્રકૃતિ ચંદને અર્ચો એહ, દેવી દિક્ષ દેવતા જેહ;
અનાદિ દેવની પુજા આધ, કહે શિવ અવર સર્વ ઉપાધ.
વૃત સકલમાં મોક્ષ વૃત જેહ, બ્રહ્મચર્ય ત્યાં ભણીએ તેહ;
અહંમત્વ રહિત ને મન દાંમ, બ્રહ્મચર્ય ત્યાં તેહનું નામ.

ધ્યાન સકલ માંહે નિર્મલ ધ્યાન, ભેદ રહિત તે બ્રહ્મજ્ઞાન;
જ્ઞાન ધ્યાન માંહી જે ભળ્યો, હું તું તેહનો અંતર ટળ્યો.
પર બ્રહ્મ તણું એ પરમાણ, સમતા દ્રષ્ટિ મન અને ઠામ;
સકલ નિરંતર આત્મા જોય, પરમ પ્રણામ કહે શિવ સોય.
દેવી દેહમાં તિર્થ જેહ, નિશ્ચે કરી કહું તુંજને તેહ,
ગંગા યુમના ને સરસ્વતિ, ત્યાં કલ્લોલ કરે મહાજતિ.
તિર્થરાજ ત્રિવેણી પ્રયાગ, મોક્ષાર્થિ ત્યાં કરે બ્રહ્મ યાગ;
ત્રિવેણીમાં કરે જે સ્નાન, ટળે પાપ લહે મુક્તિનું ધામ.
વળતું વચન બોલે ભગવતિ, કોણ ગંગા યુમના સરસ્વતિ;
દેહમાં તિર્થ કહ્યાં તમે દેવ, તેનો મુજને કહીએ ભેવ.
કહે શિવ દેવી સાંભલ એહ, ગંગા યુમના સરસ્વતિ તેહ;
ઇંડા ભગવતિ ગંગા જાણ વામ નાશિકાએ પ્રમાણ
પિંગલા યુમના નિશ્ચે જેહ; દક્ષિણ નાશિકાએ છે તેહ;
મધ્યે સુશ્ના સુધ સરસ્વતિ, ગુપ્ત થકી વહેતી ભગવતિ.
બ્રહ્મ રંધ્ર પર્યંત તે જાય, સુશ્ના માંહી સર્વ સમાય;
દેવીએ પુછી જોયુ જેહ, તેના ઉત્તર આપ્યા એહ.
દેવ પુજા વૃત ધ્યાન પ્રણામ, તિર્થ કેરાં કહ્યાં જે ઠાંમ;
વિદ્યા મહામુદ્રા કરો સાર, હવે તેનું સ્વરૂપ કહું નિધાર.

શ્રી દેવ્યુવાચ. પુર્વ છપો.

ઉમયા પૂછે ઇશને, સ્વામિ કહો મુજ તેહ;
મુદ્રા ખેચરી તણું કહો, સ્વરૂપ યથારથ જેહ.
વિદ્યા માંહિ મુખ્ય શાંકરી, પ્રભુ તે કહો મુજ રૂપ;
અધ્યાતમ ઇશ્વર મને કહો, મહેશ્વર મહાભૂપ.

શ્રી શિવઉવાચ. ચોપાઈ.

કહે શિવ સાંભળ જો એહ, ખેચરીનું લક્ષણ કહું જેહ;

સ્વરૂપ યથાર્થ જાણે જેહ, મુદ્રા ખેચરી કહિયે તેહ.
વિના વિલંબ ન મન સ્થિર હોય, મુદ્રા ખેચરી જાણે સોય
જ્યારે મન ખેચરીએ મળે. ત્યારે સ્થુલ સુક્ષ્મધ્યે ધ્યાતા ટલે.
મન મન માંહી રહે સમાય, ખેચરી લક્ષણ શિવ તે ગાય;
ધાવન ગવન પ્રસર્ણ ન હોય. મુદ્રા ખેચરી કહીએ સોય.
વણ રોધે દેવી સ્થિર થાય, તે મુદ્રા ખેચરી શિવ ગાય;
ઇત ઉત મન જ્યારે નવ ધાય, ત્યારે વણ રોધે સ્થિર થાય.
મન ઉન્મુનીએ રહે સમાય, વાયુ સકલ ત્યારે સ્થિર થાય;
જ્યાં મન ખેચરીએ રહે ગગન પવન સ્થિર શાંકરી કહે.
વિના વિલોકન મન સ્થિર રહે, મુદ્રા ખેચરી હર ઉચરે;
ચિત્તની ચંચળતા જો જાય, ત્યારે દ્રષ્ટિ સહજે સ્થિર થાય.
અનુભવ કરતાં લહિયે મર્મ, તે વસ્તુ પીછે ભાગે ભર્મ;
ખેચરીનું સ્વરૂપ જો લહે, મન પવન દ્રષ્ટ તો સ્થિર રહે
શબ્દ સ્પર્શ રૂપ અને રસ ગંધ, કાળ ન વ્યાપે ખેચરી સંગ
જ્યારે ગુરૂ કહે ગુરૂ ભાગ. તો લહે ખેચરીનો ભાગ.
વિના ખેચરી સંશય નવ ટળે, વિના ખેચરી રામ ન મળે;
વિના ખેચરી સંત ન હોય વિના ખેચરી પ્રપંચ જોય
વિના ખેચરી લિંગ ન ગળે, વિના ખેચરી વિષયમાં ભળે;
વિના ખેચરી વસ્તુ ન થાય, વિના ખેચરી આવે જાય.
અચળ મુદ્રા ઈશ્વરે કરી કહી, તે પાર્વતિયે પ્રેમે લહી,
(એમ) મહામુદ્રા ધરે જે કોય તે તે હું અને હું તે સોય;
શાંકરી વિદ્યાનો સુણ મર્મ, કહે શિવ તે નિશ્ચે નિઃકર્મ;
બાલ સ્વભાવે વરતે જેહ વિદ્યા શાંકરી કહિયે તેહ.
અહંમત્વ શુભા શુભ નહીં, રાગ દ્વેષ ન પામે કહી,
સમતા દ્રષ્ટે આત્મા જોય, વિદ્યા શાંકરી કહે શિવ સોય.
મૃત તણી પેરે સ્થિર રહે, સુખ દુઃખ હાણ સર્વે સહે;

સંકલ્પ વિકલ્પ હર્ષ ને શોક શાંકરી ગત જો અવિલોક.
સ્વપ્ન રહિત નિદ્રા સુખસાર, (કહે) શિવ શાંકરીએ આકાર
સસ્વરૂપ નિલય માંહી રમે, સર્વ ઉપાધ શાંકરીએ સમે
આકાશ માર્ગ પંખી રહે, દેશ વિદેશ તેતો નવ લહે;
શાંકરી વિધા એને જાણ, ન હોય ઉપાધ રહિત વૃદ્ધિ હાણ
સ્તુતિ નિંધા પક્ષપાત ન કરે, સાક્ષીત્વે શાંકરી વિચરે;
પણ આશ્રમ દર્શન વર્ણન વેષ લિંગ રહિત છે શાંકરીનો ભેખ.
શાંકરી વિધા સદા અસંગ, કુર્મ તણી પેર્યે ગોપવે અંગ;
ગુણ દોષ રહિત શાંકરી સહી, એ વિધા મહાદેવે કહી.
કામ ક્રોધ વર્જિત અહંકાર, લોભ મોહ વિષય રહિત વિકાર,
માયા મદ મચ્છર અભિમાન. ગુણાતિત્ત શાંકરી અભિધાંન.
શબ્દ સ્પર્શ રૂપ અને રસ ગંધ શાંકરીને એ ન કરે બંધ
સહેજે આવે સહેજે જાય શાંકરી લક્ષણ શિવ તે ગાય
શત્રુ મિત્ર ન હોય જેહને શિવ શાંકરી કહે તેહને;
અને નિંદ્રા સ્વપ્ન જાગૃત જેહ. શાંકરી સ્પર્શ કરે નહિ તેહ.
શાંકરી સમરે સમતા ભાવ, ભવસાગર તરવા દ્રઢ નાવ,
એ નાવે બેસે જે કોય અભય પરમ પદ પામે સોય.
અધ્યાત્મ વિધા મહા એહ, કહે શિવ એમાં નહિ સંદેહ.
ભક્તિ યોગ સુક્ષ્મ જ્ઞાન વૈરાગ્ય, (કહે) શિવ શાંકરી તે ગુ
રૂ ભાવ.
નિરવાણ વાણી હર ઉચરે, પ્રણામ કરી દેવી સ્તુતિ કરે.
જય શિવ જય શિવ જય જગદીશ, શાં કરી ખેચરી સુણી ઇશ.

શ્રી દેવ્યુવાચ: પૂર્વ છાયો.

દેવી સ્તવે મહાદેવ જગત નાથ જગદીશ;
મૃત્યુ જય તમે મુજને કહો, દર્શન કોણ તે ઇશ.

દર્શન કહો કરી જુજવા હે દેવાધિ મહાદેવ;
લક્ષણ ધર્મ કર્મ તમે કહો સ્વામી મુજને ભેવ.

શ્રી શિવ ઉવાચ. ચોપાઇ.

કહે દેવ કલ્યાણિ સુણ તેહ, દર્શન કહું પૂછ્યા તેં જેહ;
લિદંડી વેદ વાદી સદા, શિખા બંધ જટા બાંધતા.
મંત્ર ઘોર ઉપાશક જેહ ષટ્ દર્શન દેવી સુણ એહ;
આપ આપણાતે મત ઉચરે અન્યો અન્ય તે સ્પર્ધા કરે
શિવ સાંખ્ય મિમાંસક જેહ જૈન બૌદ્ધ ચારવાક ષટ્ એહ,
સાંખ્ય પ્રકૃતિ પુરૂષ તે કહે બૌધ શુન્ય પ્રમાંણીજ રહે.
જૈન જીવની સત્યતા કરે, સર્વે નાસ્તિ ચારવાક ઉચરે,
શિવ સદા વેદાંતજ વદે, મિમાંસકને કર્મનું લ્હદે.
એ ષટ્ ને ખટ પટ નવ ટલે, વચન એકતા કોનું ન મળે,
પછે અન્યો અન્ય કરે વિરોધ, કે શિવ વિના તત્વ મહા બોધ.
વસ્તુ વિચારૈ છે સર્વે સમુ મિથ્યા બુદ્ધિ વચને વળગવું;
બહું વચને વળગી જે રહ્યો દેવી તેનો શંસય નવ ગયો.
વિષય સુખ સ્ત્રી આશક્ત હોય, અધો મુખ નર્ક પડે નર સોય
વિશ્વ સર્વે વિષયમાં રમે, શાસ્ત્ર ભણતાં પંડિત ભમે.
સિધ્ધ થઈ કવિ યત્નજ કરો, શાસ્ત્ર ભ્રાન્ત પંડિત પરહરો
યથાર્થ તત્વ ગ્રહો જે સાર (કહે) શિવ જેણે હોય ભવપાર.
બ્રહ્મ જ્ઞાન ઘણું ગુપ્ત છે જેહ, સાંભળ દેવી કહુ તને તેહ;
જેના જ્ઞાન પ્રભાવે કરી, મોક્ષ સુખ તે પામે ખરી.
(જેમ) ઉષ્ણ માંહે બીજ જાય બળી, (તેમ) કર્મ સુભાસુભ જ્ઞાને વલી-
મુદ્રા ખેચરીનું જ્યાં જ્ઞાન, દ્વિજ સ્વપચ પદ પામે નિધાન.
નિરાલંબ મુદ્રા ખેચરી, તેમાં મન રાખે સ્થિર કરી;

જીવન મુક્ત કહીએ તેહ, ખેચરીને અનુસરીઆ જેહ.
તે મર્ણ પેહલા જાય મરી, મુદ્રા ખેચરી જેણે ધરી;
કહે શિવ દેવી સાંભળ એહ, જીવન મુક્ત પદ પામે તેહ.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

દેવી સ્તવે મહાદેવ જય જય શ્રી જગદીશ;
જીવન મુક્ત પદ પામવા લક્ષણ કહો મુજ પાશ.

શ્રી શિવઉવાચ. ચોપાઈ.

કહે શિવ દેવી સાંભળ સાર, કહું જીવન મુક્ત લક્ષણ નિરધાર;
(જો) કિંચીત પક્ષને આશરે નહિ જીવન મુક્ત તે જાણે સહી
અહંમત્વ ગ્રંથી જેની ગળી, વિષય વાસના અવિદ્યા ટળી;
વ્યોમ પેર્યે અવિચ્છીન્ન જેહ, જીવન મુક્ત ભણીએ તેહ.
રાગ દ્વેષ રહિત અભિમાન, સકલ ભૂત વિષે દ્રષ્ટિ સમાન
સાક્ષીવત્ થકો જે રહે, જીવન મુકત શિવ તેને કહે.
કામ ક્રોધ મદ મચ્છર મોહ, વિદ્યા અસુયા હિંસા ખોય
સંકલ્પ વિકલ્પ તજે હર્ષ શોક, પામે નહિ કહિયે રાગ દોષ
શત્રુ મિત્ર લઘુ દીર્ઘ સમાન સદા નિરંતર આત્મધ્યાન;
કપટ રહિત નિર્મલ મન જેહ' જીવન મુકત યોગેશ્વર તેહ.
સ્ત્રી સુવર્ણનો સંગ નવ કરે, જીવન મુક્ત એકાકી ફરે;
(અને) મન વચન કર્મ શુદ્ધ હોય, જીવન મુકત જાણો તે સોય
જીવન મુક્ત કહીએ તેહને, દ્વૈત ભાવ ન હોય જેહને;
દેહાદિક વિષે નવ મોહ. જીવન મુકત કહીએ તે સોય
ક્યારે દિક તણી પેર્યે રહે. ક્યારે કૃષ્ણ કથા તે કહે;
ક્યારે કરે ગાઢે સ્વર ગાન જીવન મુકત રહિત અભિમાંન
જીવન મુક્ત સંતોષી હોય, અર્થ પ્રતિ ગ્રહે ન કરે તે સોય;

શાક•પાક કોઉ અન્ન સમાન, જીવન મુક્ત તણું એ જ્ઞાન.
પટકૂલ દીવ્ય જીર્ણ વસ્ત્ર જેહ, જીવન મુક્ત ને સરખાં તેહ;
લોહ કંચન ચિંતામણિ કાચ, જીવન મુક્ત ને મન તુલ્યવાચ.
ગ્રાંમ અર્ણ્ય ભોમ શય્યા જેહ, રાય રંક શત્રુ મિત્ર સર્વ દેહ;
જીવન મુક્ત ને મન સર્વે બ્રહ્મ, સ્વપ્નાંતરે ન ભાસે ભર્મ
અધ મર્ણ કલ્પાંતે હોય, (તોય) જીવન મુક્ત પામે નહિ મોહ;
જીવન મુક્ત છે નિર્ભય નિશંગ, માયા સ્પર્શ કરે નહિઅંગ.
જીવનમુક્તકર્મ તેએમ કરે,(જેમ)સ્ફટિક મણિ નાનારંગધરે;
અભ્યંતર ભેદ નહી કોય, જીવન્ મુક્ત કહે શિવ સોય
ગંગાતીર સ્વચ્છર મર્ણ, જીવન મુક્ત લીહ હરી શર્ણ;
જીવન મુક્ત સેહેજમાં રહે, ગુણ દોષ કેહેના નવ ગ્રહે.
ગર્ભ ધ્યાંન નિરંતર ધરે, સેહેજ શૂન્ય માંહી વિચરે;
પરમ જ્યોતમાં રહે સમાય, દેવી પ્રત્યે શંકર ગાય.
જીતેંદ્રિય સ્થિર વાયુ આસંન, અનહદ નાદે રાખે મન;
અહં ભાવ અંતરથી ખોય, ચૈતન્ય બ્રહ્મ ચરાચર જોય.
અજંપા જાપં જપે જે કોયે, જીવન મુક્ત કહીએ સોય;
સોહં સનાતન જાણે કોય, જીવન મુક્ત કેહે શિવ સોય.
જીવન મુક્તનાં જે લક્ષણ સુણ્યાં, સંક્ષેપે શિવ સંતેભણ્યાં;
વળી અધીક શું કહું તુજને જીવન મુક્ત વલ્લભ છે મુજને.
જીવન મુક્તના નિતે પુંજુ પાય, દેવી પ્રત્યે શંકર ગાય;
જીવન મુક્તની કથા એ કહી, મુદ્રા ખેચરી જેણે ગ્રહી.
જીવન મુક્ત નિમિષાંતરે કરી, પૂછી કહી મુદ્રા ખેચરી;
દેવીનું ત્યાં મનાવ્યું મન, જે પૂછ્યું જીવન મુક્તનું ચિન્હ.
દેવીને મન ઉલટ ઘણો, પુજ્યો પતિ કૈલાસજ તણો;
સ્વામી તે મને કરી સનાથ' કર જોડીને પૂછું નાથ.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

દેવી પુછે પ્રશ્નને કહો, કૃપા કરિ મહાદેવ;
પિંડ બ્રહ્માંડ પંચતત્વની, ઉત્પત્તિ કહો અસ્મેવ;
જે જાણે સંશય ટલે, હું તું ભર્મ પલાય;
લક્ષણ કહો પંચ તત્વનાં વળી વળી લાગુ પાય.

ચોપાઈ.

દેવી પૂછે કહો મહાદેવ. આત્મ તત્વ પિંડ બ્રહ્માંડને ભેવ;
પંચ તત્વ ગુણ લક્ષણ જેહ, મુજને કહો વિસ્તારી તેહ.
જયેમ હોય તે તેમ કહો, સંશય શેષ તે મારો દહો;
તું સમર્થ છે શ્રી જગદીશ, કહો પંચ તત્વ લક્ષણ પં
ચ વીશ.

શ્રી શિવઉવાચ. ચોપાઇ.

દેવી પ્રત્યે બોલ્યા ઇશ, પ્રથમ લક્ષણ તે પંચવીશ;
અસ્તિ માંસ ત્વચા નખ રોમ, પંચ લક્ષણ એ કહીએબોમ.
દેહમાં દેવી પૃથ્વી એહ, વૃદ્ધિ ક્ષય પામે ત્યાં તેહ;
બ્રહ્મજ્ઞાનીએ એવું કહ્યું શિવ મુખથી દેવીએ લહ્યું.
સુક્ર શોણીત મજ્જા પ્રસ્વેદ. લાલજ લક્ષણ એ પંચ વિશાલ;
દેહમાં દેવી આપતાં એહ, આગમા પાઇ કહિયે તેહ.
બ્રહ્મ જ્ઞાનતત્વ તેને કહે. અહં ભાવ તે નિશ્ચય દહે
દેહ તણી જો સ્થિતિ પ્રિછાય સંશય શોક તે નિશ્ચય જાય
આળસ નિદ્રા ક્ષુધા તૃષા કાંત્ય, તેજ લક્ષણ પંચ ટાલેભ્રાંત;
દેહમાં દેવી તેજ એ જોય, બ્રહ્મજ્ઞાનીએ કહ્યું છે સોય.
સુણ દેવી કહુ લક્ષણ વાય, ધાવન વ લગન પ્રસર્ણ થાય;
એધન કંપન થાયે જેહ. દેહમાં દેવી વાયુ તેહ.
બ્રહ્મજ્ઞાની તત્વ તેહ વદે, કહે શિવ દેવી રાખ્ય હ્રદે;

દેહ જાંણે સંશય સર્વ ટલે, અહંકાર તે તત્ક્ષણ ગળે.
કામ ક્રોધ મોહ મદ જેહ, લોભ લક્ષણ પંચ નમ એહ;
દેહમાં દેવી સમજે જેહ, (કહે) શિવ તેનો ટલે સંદેહ.
અહંકાર ટાળવા કાજ, તત્વ લક્ષણ કહ્યાં મહારાજ;
હવે કહું દેવી સુણ સાર, ઉત્પત્ય પ્રલય તત્વ નિરધાર
દેવી અવિગતથી આકાશ ગગનથી હોય વાયુ પ્રકાશ;
વાયુ તે જે વેગે ઉપાય, તોય તેજથી પ્રગટજ થાય.
તોય થકી પૃથ્વી તે થઇ, પૃથ્વી તોય વિષે તે રહી;
તોય તેજમાં પાંમે લીન, તેજ વાયુમાં હોયે ક્ષીન.
વાયુ તે આકાશ સમાય, આકાશં અવિગતમાં જોય;
જેમ ઉપજે તે તેમ સમે, દેવી તત્વે તત્વસુ રમે
પંચ ભૂત તણી સૃષ્ટિ જેહ, ઉપજે ભાગે વર્ત્તે તેહ;
પંચભૂત પ્રગટ છે પ્રકાશ, ચૈતન્ય ગુપ્ત અવ્યય અવિનાશ.
પંચભૂત થકી પર જેહ, ચિદાનંદ પુર્ણ બ્રહ્મ છે તેહ,
કહે શિવ તેને કરૂ પ્રણામ, જે પરાત્પર પરમાત્મા રામ
ગગન પવન તેજ પૃથ્વી તોય, સુરજ ચંદ્ર આત્મા સોય;
સૃષ્ટિનાં કારણ અષ્ટ એહ, પિંડ બ્રહ્માડ યોગ ધારે જેહ.
શબ્દ સ્પર્શ રૂપ અને રસ ગંધ, એહને મનસુ સદા સંબંધ
મનથી ઉપજે મનસુ રમે, દેવી મન ઉર્ધ્વ સમે.
બ્રહ્માંડ કેરૂ લક્ષણ એમ, દેવી માન્ય પૂછ્યું છે તેમ;
પિંડ બ્રહ્માંડ ભાગે આકાર ચૈતન્ય માન્ય દેવી નિરાકાર.
નિરાકાર વિષે રત તેહ, કહે શિવ મારો મત છે જેહ;
મારા મનસુ જો મન મલે. સંસાર બંધન સંકટ ટળે.
કવિ પંડિત સહુકો સાંભળજો, સિદ્ધ થઇ શિવને મત મળો;
અને રૂપ નામ પદાર્થ જેહ, અસ્થિર ઉપર કશો સ્નેહ.
મનથી પ્રયત્ન કરી તે તજો, રમતા રામ નિરંતર ભજો;

સકલ શાસ્ત્રનું સિધ્યાંતજ એહ, મન શુધ્ધે હરી ભજવો જેહ:
પરમાત્મા અન્તર આત્મા, હે દેવી તું ઓળખ આત્મા,
કહે શિવ શોધી લે તું તેહ, જે જાણે ટલે સંદેહ.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

દેવી સ્તવે મહાદેવ, આદ્યનાથ ગુરૂ દેવ;
નિશ્ચે કરી મુજને કહો, ધાતુ તણો તે ભેવ.
કહો શિવ કોણ આત્મા, કોણ પરમાત્મા રામ;
કોણ તે અંતર આત્મા, કૃપા કરિ કહો શ્યામ.

શ્રીશિવ ઉવાચ. ચોપાઈ.

ઉમયા પ્રત્યે શ્રી ઇશ્વર કહે બ્રહ્મ ગ્નાન તે રાખો હ્રદે;
માહા પાતિક ટલે બહુ કર્મ, સાંભલ ધાતુ તણો કહુ મર્મ.
સુક્ર શોણાત આસ્તિ માંસ મેદ, ત્વચા રોમ નાડીના ભેદ;
મજ્જ રસ તે જાણો સહી, એ ધાતુ દશ મહાદેવે કહી.
ધાતુ મલી પિંડ ઉપન્નો જેહ, દેવી આત્મા કહિયે તેહ;
અંતર આત્મા મન તે જાણ; પરમાત્માતે શૂન્ય પ્રમાણ;
શૂન્ય થકી મન પ્રગટ થાય, એવી મન તે શૂન્ય સમાય;
મનથી આત્મા ઉપજે દેહ, મન માંહી લય પામે તેહ.
દેવી પૂછે કહો હરદેવ, શૂન્ય મન પંચાત્મ ભેદ-
પ્રતક્ષ પ્રભુ કહો તેનું રૂપ, જય જય કૈલાસજ ભૂપ.
અહં આત્મા મિથ્યા દેવી દેહ, અંતર આત્માહંસ મન તેહ;
પરમાત્મા શૂન્ય અનહદ ધુન, જ્યાં લય લાય રહ્યા મહા મુન.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો

ઉત્પત્તિ ગર્ભ તણી કહો, કૃપા કરિ હરદેવ;
બ્રહ્મગ્નાન પ્રકાશીએ. જેથિ સમે અહમેવ.

શ્રી શિવ ઉવાચ ચોપાઈ.

શિવ દેવી સાંભળ સત્ય, ગર્ભ તણી તે કહું ઉત્પત્તિ;

રક્ત ધાતુ તે માતા તણી; અને શુક્ર ધાતુ પિતાની ભણિ.
શૂન્ય ધાતુ પ્રભાવે કરી, ગર્ભ પિંડ દેવી દેહ ધરી,
રક્ત રેત તણી જે દેહ: શૂન્ય ધાતુનાં ચૈતન્ય તેહ.
ચૈતન્ય અવિનાશી હંસ જાણ, રક્ત રેત તે અસ્થિર પ્રમાણ;
શૂન્ય ધાતુ એ બાંધ્યો ધર્યોપિંડ. કહે શિવ દેવી બ્રહ્માંડ-
દેવીને આશંકા ઘણી. પ્રણમ્યા પ્રભુ કૈલાસજ ધણી;
સ્વામી મન અશંકા એહ, એ શંજ્ઞાએ ઉપન્યો દેહ-
(તો) નિધા માનકા ભાગે પિંડ, શૂન્ય ધાતુ તો કહી અખંડ;
કહે શિવ દેવી સાંભળ સાર, 'એ'. તત્વાર્થ કહ્યું નીરધાર.
ગર્ભ ધ્યાનને ન લહે જેહ, દેવી નાશ પામે તેહ.
ગર્ભ ધ્યાન જાણે જે કોઇ, અવિનાશી તો કહિયે સોય.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

દેવી પૂછે ઇશને, વળી વળી નામુ શિશ;
ગર્ભ ધ્યાન પ્રકાશીએ, જય જય શ્રી જગદીશ.

શ્રી શિવ ઉવાચ. ચોપાઈ.

કહે શિવ દેવી સાંભળ તે, ગર્ભ ધ્યાન પૂછયું મુજ જેહ;
સ્વપ્ન રહિત નિન્દ્રા સુખ સાર, ગર્ભ ધ્યાન એણે આકાર.
ચિન્તા વિણ જેવુ મન હોય, ગર્ભ ધ્યાન કહે શિવ સોય;
જત સૃષ્ટા કહીએ તેહ, ગર્ભ ધ્યાન ઉચીત ધરે જેહ;
દેવી અવસ્થા નહિ જેહને, ગર્ભ ધ્યાન કહીએ તેહને;
સદા નિરંતર સરખો જેહ, કહે શિવ નાશ ન પામે તેહ.
(જે) ઇચ્છા અહં ઉપાધિને ધરે, દેવી તેતો ક્ષણ ક્ષણ મરે;
બ્રહ્મજ્ઞાન કહે મહાદેવ. મન સ્થિર કરિ ટાળો અહંમેવ.
દેવી મન વશ રાખે જેહ, ગર્ભ ધ્યાન ગત પામે તેહ;
મન ઇંદ્રિ સ્થિરતા હોય જેનું, કહે શિવ હું સ્મરણ કરૂં તેહનું;

સુર્ય સ્તર પનંગ સર્વે દેવ, ત્રિલોકી જીતી તેણે શેવ.
કહે શિવ જ્યારે મન સ્થિર થયું, ત્યારે પદ નિર્વાણજ લહ્યું.
દેવી જેણે મન સ્થિર થાય, સાંભળ તે તને કહું ઉપાય;
મન વાણીની લહે ઉત્પત્ત, ત્યારે મન સ્થિર થાયે સત્ય.
મન સ્થિર વિના જે સાધન કરે, કાચે કુંભે નીર તે ભરે;
મન સ્થિર રાખે તે મહાધ્યાન અન્ય સાધન તે નહીં સમાન

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

વાણી મન ક્યાં ઉપજે, તે કારણ કહો દેવ;
વાણી મન તે ક્યાં સમે, (કહો) કૃપા કરી અસ્મેવ.

શ્રી શિવ ઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી સુણો એહ, રહસ્ય પરાત્પર કહું છે તેહ;
કારણ એછે સકળ ભુતનું, વળી અનિરવચની જેહ.
અને અવિગત બ્રહ્મ અનાદિ અજ] સદા દિત્ત માનો નીર્વાણ;
નિરાલંબ શેહેજ શૂન્યથી, પ્રથમ પ્રગટે હંસ પ્રાણ.
દેવી પ્રાણ અવિગત મન ઉત્પન, અને પ્રાણ થકી પ્રગટ્યું મન
વાણી મન નાના ઉપાય, વાણી તે મન માંહે સમાય.
મન પ્રાણમાં પામે લીન, પ્રાણ અવિગતમાં હોય ખિન;
આદિ અંત મધ્ય અવિગત એક, (જેમ) ભુષણ ભાંડ મૃત્યુ
કનક અનેક

૨૫ અરૂપી અવિગત જાણ, કહે શિવ સધળે વસ્તુ પ્રમાણ;
બાહ્યા ભ્યંતર રમતો રામ, ઠાલો નહીં અણુ માત્ર ઠામ.
હું તુ ભર્મ મુકો એ પરહરો. વસ્તુ વિચાર રૂદેમાં ધરો;
એ અનુભવે મન સ્થિર થાય, દેવી પ્રત્યે શંકર ગાય.
જ્યારે રવી શશિ ઘેર જાય, પવન ગગન ત્યારે સમાય;
મન ઉન્મુનિ તણુ ઘર જોય, આત્મ દર્શન ત્યારે હોય-
વિદ્યા તિર્થ શાસ્ત્ર ભણે વેદ, તોય ન છુટે મનનો ભેદ;

આત્મ લાભે મન સ્થિર થાય, દેવી અન્ય નથી ઉપાય.

શ્રી દેવ્યુ વાચ પૂર્વ છાયો.

દેવી સ્તવે મહાદેવ. (મને) કહોજ દેહ વિચાર.
આત્મ તત્વ જાણવા કાજ, પૂછ્યું પ્રશ્ન તેહસાર.
કોણ સ્થાનકે શશિ વસે, કોણ સ્થાન રવિ વાસ;
કોણ સ્થાનક વાયુ વસે, કોણ સ્થાનક આકાશ.

શ્રી શિવ ઉવાચ. ચોપાઈ.

દેવી પ્રત્યે કહે હરદેવ, સાંભળ દેહ તણો કહું ભેદ;
જે જાણે ભાજે ભવ ભ્રાન્ત, ટળે ઉપાધ પામે મન શાન્ત.
તાળુ મૂળ દેવી શશિ વશે. અને અમૃત ધાર ત્યાં ઉલ્લશે;
સકળ ભૂતને પોષે શશિ, સોળ કળા સંપૂર્ણ વશી.
નાભિ મૂળ દીનકર જાણો, વન્હિ રૂપ પ્રગટ પ્રમાંણો;
દ્વાદશ કળા સંપૂર્ણ જેહ. સકળ ભૂતને શોષે તેહ.
શશિ અગ્ર દેવી નભ સદા, અને સુર્યાગ્રે વાયુ સર્વદા;
ચિન્તાગ્રે દેવી વર્તે વાય. નાભીગ્રે મારૂત સમાય.
મહા ગોપ્ય કહ્યું સર્વે એહ, (ત્રણ) પામે જે ગુરૂ વાકે તેહ;
તત્વ જાણવા કહે મહાદેવ, ગુરૂ સેવા કીજે અસ્મેવ-
ગુરૂવિના દેવીગત નથી. સિદ્ધાંત વાણી ઈશ્વરે કથી;
ગુરૂ સેવી લહિયે ગુરૂ ભાગ. ત્યારે મન રહે મુલગો ભાગ

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો

મહા પુરૂષ મુજને કહો, જય જય જગત ગુરુ ઇશ;
પરમ તત્વ જાણવા કાજ, પ્રણમ્યા શ્રી જગદિશ.
સ્વામી શકિત તે કયાં વસે. અને કોણ સ્થાન શિવ હોય;
ઉમયા પૂછે ઇશને. કૃપા કરિ કહો સોય-
કહો કાલ તે કયાં વસે. પ્રગટ કરિ કહો રૂપ;
જરા કોને વ્યાપે કહો, તમે શિવ સત્ય સ્વરૂપ.

શ્રી શિવ ઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી સુણ સાર, પ્રશ્ન તણો ઉતર નિરધાર;
જે જાણે ભાગે ભવ ભ્રાન્ત, પ્રગટે જ્ઞાન પામે મન શાન્ત
શિવ શક્તિ કેરો કહું ઠામ, જે જાણે મન પામે વિરામ;
સ સ્વરૂપની સ્થિતીમાં રહે, ગોપ્ય જ્ઞાન મહાદેવ કહે.
દેવી શક્તિ વસે પાતાલ, બ્રહ્માંડે શિવને નિહાલ;
કાલ તેને અંતર જાણ. પંચ ભૂત પ્રગટ પ્રમાણ;
જરા તેહને વ્યાપે સત્ય. સત્ય વાણી હર કહે અત્ર;
સ્થાવર જંગમ રૂપને નામ, કાલમાં સૌ કરે વિરામ
ઉપજે ભણે વર્તે કાલ. પ્રગટ રૂપ દેવી કાળ વિશાલ;
ગગન પવન તેજ તોય મહી, સ્થુલ કાળએ જાણો સહી.
શબ્દ સ્પર્શ રૂપ અને રસ ગંધ. શુક્ષ્મ કાળ કલ્પના મન બંધ;
કાળ આવે કાળ વર્તે જાય. દેવી કાળ કાળને ખાય.
કાળ તણો મહા કાળ ત્યાં જેહ. શિવ નિરંજન ભણીએ તેહ,
દેવી સદા સમર્થ તેહને, કર્મ કાળ તે નહી જેહને.

શ્રી દેવ્યુવાચ- પૂર્વ છાયો.

બાહ્યાકાળ સ્થુલ કથ્યો, અભ્યંતર સુક્ષ્મ ન લહ્યો,
અભ્યંતર જાણ્યાવિના ઈશ, સ શય ન જાય જગદીશ.

ચોપાઈ.

શિવ શક્તિ દેહમાં કયાં રહે, સુક્ષ્મ કાળ તણો ભેદ કહો;
સુક્ષ્મ થકી સ્વામિ સ્થુલ હોય, મુજને કહીએ સ્વામી સોય.

શ્રી શિવ ઉવાચ ચોપાઈ

શિવ ભણે દેવી સુણો એહ, વિસ્તારી કહું તુજને તેહ;
શક્તિ પાતાળ રહે મૂળદ્વાર. શિવ બ્રહ્માંડ રહે બ્રહ્મદ્વાર.
તે છે સ્થાનક માંહે પચ. સુક્ષ્મ કાળ તણો એ સંચ;

લિંગ નાભી હ્રદય કંઠ નેત્ર, વર્તે કાળ તણો તે ક્ષેત્ર;
પંચ ભૂત કહ્યાં મેં જેહ, દેહ માંહે દેખાડુ તેહ.
પૃથ્વી નાભી લિંગ રહે તોય. હ્રદયે આકાશ પવન કંઠે જોય
તેજ નેત્રમાં નિરખે સહી. સુક્ષ્મ કાલ ભૂત ગતિ કહી;
શબ્દ સ્પર્શ રૂપ અને રસ ગંધ, સુક્ષ્મ કાળ કલ્પના બંધ.
શુદ્ધ કાળ વચા પ્રમાણુ વળી મહા કાળ નિઃશબ્દ નિર્વાણુ;
તે નિરાલંબ શૂન્ય અદ્વૈત. તેની કોઇ ન જાણે રીત.
કાળ ચતુષ્ટનો તે શુણુ મર્મ. જેણે ભાગે ભવ ભર્મ;
નીત્ય નિમિતીક કાળ જેહ. પ્રકૃત્ય અંત્યંતક ભણિયે તેહ;
સુણુ દેવી જે જે હું લહુ, તે વિસ્તારીને તેવુંજ કહું;
નિત કાળને કહીએ મન, જે ક્ષણે ક્ષણે હોય પતન.
નિમિત કાળ ભૂતાદિક દેહ, આવે જાય રહે નિમિતે તેહ;
પ્રકૃતિકાળ પ્રગટે પ્રાણુ, ક્રિયા રહિત• જયારે કરે પ્રયાણુ.
અંતક કાળ મહા શૂન્ય, જ્યાં દેવી નહીં પાપને પુન્ય;
અત્યંતક પદ પામે જેહ, પુનરાગમન તે ન ધરે દેહ.
સહેજ શૂન્યથી પ્રગટે પ્રાણુ, તે કહિયે પ્રકૃતિ ક્રિય માણુ,
પ્રકૃતિ પ્રાણુથી ઉપન્નું મન. મને કલ્પાં છે ત્રણ ભોવન.
ત્રિલોકી મન માંહી સમે. અને મન પ્રાણુ માંહી આથમે,
પ્રકૃતિ સેહેજે સુન્ય સમાય, દેવી કાલ એમ આવે જાય.
શિવ શક્તિ એકે નવ હોય, ત્યાં લગે કાળ તે વ્યાપે સોય,
જન્મ મર્ણ ક્ષણ ક્ષણ તેહને, શિવ શક્તિ જુદાં જેહને.
ભક્તિ જ્ઞાને અનુભવ યોગે કરી, શક્તિ શિવ જેણે ધરે ધરી,
કહુ શિવ તેને મૃત્યુ ન હોય, સ્વદેહા શિવ કહિયે સોય.

શ્રી દેવ્યુવાચ પૂર્વ છાયો.

ઉમયા ભણે ઈશ્વર કહો નિર્ણે કરી આરમેવ;

નામ કહો તે શિવ શક્તિનું, તત્વ જ્ઞાન ગુરૂ ભેદ.

શ્રીશિવ ઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી સાંભળ કહું, અને તત્વ પદાર્થ જેહુ લહું;
જેણે ટળે સઘળા સંદેહ, આત્મ જ્ઞાન કહું તુજ તેહ.
શક્તિ નામ ત્યાં કહીયે તેહ, ચિત્ત ચંચળતા પામે જેહ;
શિવ નામ દેવી તે સહી, જ્યારે મન ધાયે નહિ કહી.
જયારે મન વિષયાશક્ત હોય, શક્તિ સ્વરૂપ તે કહિયે સોય;
જ્યારે મન નિરાલંબ રહે, શિવ સ્વરૂપ તે શંકર કહે.
દેવી ચિત્ત ચળે તેહ કર્મ, અને ચિત્ત સ્થિર તે પૂર્ણ બ્રહ્મ;
શિવ શક્તિનું સ્વરૂપ જે લહે. તે જીવન મુક્ત સદાશિવ કહે.

શ્રી દેવ્યુવાચ પૂર્વ છાયો.

ઉમયા સ્તવે મહાદેવ, અંતર જામી ઇશ;
કૃપા કરિ શ્રી ગુરૂ કહો, મુજ દેહાર્થ જગદીશ.
ત્રણ શક્તિ છે તે કયાં રહે, કહો શિવ મને ભેદ;
મર્મ કહે તે ષટ્ ચક્રનો, શ્રી ગુરૂ સંશય છેદ.
સપ્ત પાતાલ તે કીયા, કહો બ્રહ્માંડ એક વીશ;
નિશ્ચય કરી શંકર કહો. વળી વળી નામુ શિશ.

શ્રી શિવ ઉવાચ ચોપાઇ.

કહે શિવ દેવી સાંભળ સાર, દેહ તણો તુંજ કહું વિચાર;
આત્મ લાભ જેણે કરી હોય, પરમ રહસ્ય પૂછ્યુ તેં સોય.
દેવી શક્તિ એક ત્રણ છે નામ, કર્મે કરી વશે ત્રણ ઠામ;
ઉર્ધ્વ શક્તિ બ્રહ્માનીજ સહી, લિંગ સ્થાને તે વ્યાપી રહી.
શ્રષ્ઠ તણો કરતી વ્યાપાર, ક્રિયા શક્તિ કહિયે તે સાર;
રજ બીજના અધિપતિ જેહ. બ્રહ્માણી સાવિત્રી ત્યાં જેહ,
અધો શક્તિ રૂદ્રની જાણ, મુત્રા ધારે તે પ્રમાણ;
શ્રષ્ટ તણો ફેડે તે ઠામ, જ્ઞાન શક્તિ દેવી તે નામ.

મધ્ય શકિત છે વિશ્નુની જેહ, નાભીં વિષે દેવી રહે તેહ.
સકલ લોકનું પોષણુ કરે. દ્રવ્ય શકિત શિવ નામ તે ધરે.
એ ઉપરાંત નિરંજન જાણ. સદા શિવ તે વસ્તુ પ્રમાણ;
શિવ એક ત્રણ તહનાં નામ; પ્રથમ પ્રગટ કરી કહું ઠામ;
હ્રદે કમલ માંહી શિવ જેહ, અંતર આત્મા નિરંજન તેહ;
અખંડ નાદ ગુરૂ ગમે જાણીયે, જો અંતર અનુભવ આણીયે.
કંઠ વિષે દેવી શિવ જોય, આત્મ સ્વરૂપ નિરંજન સોય;
સોહંકાર કરે છે જેહ, ગુરૂ દ્રષ્ટે અવલોકો તેહ.
બ્રહ્મ રંધ્રે દેવી શિવ ભાળ, જ્યોતી સ્વરૂપ નિરંજન નિહાળ;
પરમાત્મા તું તેહને જાણ. દેવી એવો અનુભવ આણ.
હવે ચક્રભેદ કહું સુણ સાર, જે જાણે ટળે અહંકાર;
મુલા ધાર તણી સુણ કથા. સંક્ષેપે શિવ બોલે યથા.
રસાતલ ઉપરે એ રહ્યો, આદ્ય ગણેશ આધારે કહ્યો;
ચતુર દલમાં તેનો નિવાસ. કરે ષટસહે જાપનો અભ્યાસ.
સ્વાધિષ્ટાંનલિંગ ચક્ર જાંહાં, બ્રહ્મા સાવિત્રી રહે ત્યાંહા
ષટ દલ બ્રહ્મા રજ વિરૂજ વશે, ષટ સહસ્ત્ર જાપ તે અભ્યાસે.
નાભી વિષે દશ દલ ઉલ્હસે. મણિ પૂરકમાંહ વિષ્ણુ વસે;
ષટ સહસ્ત્ર જાપ જપે જેહ, પોષાએ રૂપ કમળા કંથ તેહ.
દ્વાદશ દલ અનહદ ચક્ર રૂદે, રૂદ્ર રૂદ્રાણિ સદ શિવ વદે;
ષટ સહસ્ત્ર જાપ જપે તેહ, શિવ સ્વરૂપ ત્યાં કહીએ એહ.
વિશુધ્ધ ષોડશદલ કંઠે જાણુ, જીવાત્મા તે ત્યાં પ્રમાણ;
સહસ્ત્ર તણો સંકલ્પ તેહને, શકિત અવિદ્યા સંગે જેહને.
અગ્નિ ચક્ર દ્વિદલ ભ્રૂ જ્યાં. વિદ્યા શકિત પરમાત્મા ત્યાં.
સહસ્ત્ર જાપ જપે દેવી તે, તેજસ્વી પરમાત્મા જેહ.
દેવી જ્યાં ત્રીવેણી વહે, પરમ હંસ સદા ત્યાં રહે;
ત્રીવેણીએ ધરે જે ધ્યાન, ત્યારે પ્રગટે છે બ્રહ્મજ્ઞાન.

અને ગગન ચક્ર બહુ દલ જ્યાં. શ્રી ગુરૂદેવ સદા રહે ત્યાં;
શહસ્ત્ર તણો સુંકલ્પ તેહને, વિજ્ઞાન શક્તિસંગ એહને.
ચક્ર ભેદ અજંપા ભેદ એહ, ચક્રાતિત દેવી સમરે તેહ;
જે અનિરવચની અકળ અરૂપ, તે સમર્થ સદા નિરંજન ભૂપ.
સહેજ શૂન્યમાં પર્મ પ્રકાશ, દેવી તેહમાં કરને વાસ;
સસ્વરૂપ સહજાનંદ જેહ, મારે લક્ષ સદા છે. તેહ.
સપ્ત પાતાળ બ્રહ્માંડ એકવીશ, તેનો ઉત્તર આપે ઇશ;
કટિ થકું છેજે ઉર્ધ બ્રહ્માંડ, સ્વર્ગ એકવીશ મેરૂદંડ.
મેરૂ વિષે દેવ લોક રહે, સત્ય સત્ય તે શંકર કહે;
કટિ હેઠાં તે સપ્તપાતાળ, કટિ વિષે દેવી શેષકાળ.
અનંત રૂપ શેષ ભગવાન, અર્ધ ઉર્ધ વચ્ચે તેહનાં સ્થાન;
સકળ લોક ધરી રહ્યો જેહ, દેવી શેષ સ્વરૂપ ત્યાં તેહ.
ઉર્ધ્વ મૂળ અધો છે ડાળ, વૃક્ષાકાર દેવી દેહ નિહાળ;
દેહ જાતાં દેવી સંશય ટળે, પૂર્ણ બ્રહ્મ ત્યાં તતક્ષણ મળે.

દેવ્યુવાચ. પૂર્વ છાયો.

ઉમયા સ્તવે મહાદેવ, જય જગત ગુરૂ ભૂતેશ;
બ્રહ્મજ્ઞાન જેણે પ્રગટે, મને કહો તે ઉપદેશ.
દશ દ્વાર તે કહો કિયાં, દશ સંજ્ઞા કહો વાય;
કૃપા કરી શંકર કહો, જેમ મન શિતળ થાય.
શરીરના શરીર વિષે, કહો ક્યાં વર્તે તેહ;
વાયુ ભેદ મુજને કહો, નિશ્ચય કહો શિવ એહ.

શ્રી શિવઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી શુણુ એહ, વાયુ દશનાં સ્થાનક જેહ;
શરીર વિષે જ્યાહાંજ રહે, દેવીને શિવ ભેદ તે કહે.
પ્રાણ વાયુ વિષે તે રહે, ક્ષુધા પિપાશા તે તો ગ્રહે;

અપાન વાયુ છે મૂળાધાર, અધો તણો તેનો વ્યાપાર.
સમાન વાયુ નાભીમાં રહે, પોષણરૂપ શિવ તેને કહે;
ઉદાન વાયુ કંઠ વિષે જાણ, કંઠ વર્તને કરે નિર્વાણ.
વ્યાન સર્વ દેહ વ્યાપી રહ્યા, બળવાન મહાદેવે કહ્યો;
અષ્ટાંગે વર્તે દેવી વ્યાન, નિશ્ચય જાણો તે બળવાન
પંચવાયુ પ્રાણાદિક જેહ, પ્રગટ કરી કહ્યાં તુજ તેહ;
પ્રગટ વાયુ દેહમાં જોય, એમાં એકે હું ન હોય.
નાગ વાયુ ઘ્રાંણ વિષે રહે, ગંધ સકળ તેના ગજ ગ્રહે;
કૂર્મ વાયુ ચક્ષુ વિષે જોય, મેષાન્મેષ ગ્રહે તે સોય.
ત્રકલવાયુ ત્વચા વિષે રહ્યો, કહું કારણ તેતો કહ્યો;
શિતોષ્યાદિક જાણે તેહ, ત્વચાપતિ ત્રકચ ત્યાં જેહ.
દેવદત્ત વાયુ મુખે વસે, મૂખ વર્તે સર્વ તે અભ્યસે;
અને કર્ણ વિષે ધનજય વાય, દેવી શબ્દ તેણે ગ્રહેવાય
ક્ષણમાત્ર ધૂની સમે ન તેહ, નામ ધનંજય ભણિયે જેહ;
પંચવાયુ નાગાદિક કહ્યા, પ્રગટ માન દેવીએ લહ્યા;
દશ વાયુ પ્રગટ ઘટ જોય, એમાં એકે હું ના હોય;
દશ વાયુ બાંધે દેવી જેહ, જીવન મૂક્ત તો કહીએ તેહ.
વાયુ સકળ ત્યારે બંધાય, જીવ્હાદ્રિ જ્યારે વશ થાય;
વિદ્યાવાન નવ ધરશો ગર્વ, ઉભે જીતે જીત્યા એ સર્વ.
વાયુ ભેદ કહ્યો તુજ સાર, હવે કહુ હું તને દ્વાદશ દ્વાર
નવદ્વાર પ્રતક્ષ ઘટ જોય, ઉર્ધ સાત ને બે અધોગત હોય.
કર્મ અકર્મ વિકર્મ હોય જ્યાંહ, મન ક્રિડા કરે દેવી ત્યાંહ;
ઉત્પતિ પ્રલય પોષણ જે દ્વાર, તેનો મહામૂનિ લહે વિચાર
અને બીજદ્વાર ઉપન્યું તન, નાભીદ્વાર ગ્રહે રસ અન્ન;
ગગનદ્વારે મન તે સમે, યોગેશ્વર તે ત્યાંહાં રમે.

દશમું દ્વાર તે ઉત્પતિ તણું, એકાદશમું નાભી તે ભણું;
માતા ઉદરમાં કરતો અહાર, તે ઉત્પત્ય એકાદશમું દ્વાર.
દ્વાદશમું અગ્નિત તે મન, ગુપ્ત થકું વરતે ગગન;
સોળ કળા સંપૂર્ણ શશિ, શિવ નિરંજન રહ્યો ત્યાં વશી.
શૂન્યદ્વાર વિષે રહ્યા તેહ, ગુરૂભેદ પામ્યો હોય જેહ;
ગુરૂભેદ વિના ન લહેવાય, દેવી કરોડ કરે ઉપાય.
દેવી મન લય પામે યહાં, પરમ પદ તે કહીએ ત્યાં;
વળી ઉત્પત્ય લય શૂન્યદ્વાર, દેવી તેનો બહુ વિસ્તાર.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

મહા મંગળ મહાપુરૂષ, પ્રભુ જગન્નાથ જગદિશ;
તત્વજ્ઞાન તે જાણવા, અનુભવ કહો મુજ ઇશ.
શરીરના શરીર વિષે, કોણ નાડિ ક્યાં હોય;
રૂપનામ સ્થિતી નાડિ ક્યાં, તે સદ્ય કહો શિવરાજ.

શ્રી શિવ ઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી શુણ એહ, નાડિ ભેદ પૂછ્યો તેં જેહ;
શરીર વિષે નાડિ જે રહે, દેવી પ્રત્યે શંકર કહે.
દેવી શક્તિ કૂંડલી જેહ, ભૂત વિષે વસે છે તેહ;
નાની નાડિ તણો તે સ્થાન, તેમાં દશ મૂખ્ય પ્રધાન.
સાંભળ કહું તેનાં તુજ નામ, આપ આપણે વર્તે તે ઠામ;
ડા પિંગળાઇ સુષુમ્ના જેહ, ઉર્ધ્વ માર્ગે ચાલે ત્યાં તેહ;
ગંગા જમુના સરસ્વતિ નામ, ત્રિકૂટીએ તેહનો ઠામ;
બે પ્રગટ એક ગુપ્તજ વહે, ત્રિવેણી હરદેવ તેને કહે.
ઇંડા પિંગળા કહિયે તેહ, સત્ય લોક પર્યંત છે જેહ;
બ્રહ્મ રંધ્ર અમૃત શિવ શશિ, સત્ય લોક સુષુમ્ના વશી.
ગાંધારી જીવ્હા હસ્તણી, તે ચાલી ત્રણે મૂળ ભણી;
ગાંધારી જીવ્હા બેઉ જાણ, સપ્ત પાતાળ કરે પ્રયાણ.

હરતણી મેદ મધ્યે રેહે. દેવી પ્રત્યે શંકર કહે;
અવલંબ માન ત્યાં દેવી જેહ, દક્ષિણાંગ સમાસ્રિત તેહ.
દેવી કુચના શંખનિ સાર, વામાગે તેનો વ્યાપાર;
તે દશ મૂખ્ય કહી પ્રધાન. રૂપ નામ કહ્યાં તેનાં સ્થાન.
કહે શિવ દેવી સાંભળ સાર, નાડિ દેહમાં અસંખ્ય અપાર;
સૂક્ષ્મ નાડિ છે અતિ ઘણી, બ્હોંતેર સહસ્ત્ર હરદેવે ભણી.
(દેવી) નાડિ ભેદતાં જાણે જેહ, યોગિ પંડિત કહીએ તેહ;
દેહમાં નાડિ તણો વ્યાપાર, દેવી તને કહ્યા નિરધાર.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

દેવી ભણે શંકર કહો, આત્મજ્ઞાન તે સાર;
હું ને તું ભર્મ જેણે ટળે, કહોજ તેહ વિચાર.
કોણ ભાવ કોણ ગુણના, ને કોણ તેનાં રૂપ;
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર દેહમાં, પ્રગટ કરી કહો ભુપ.

શ્રી શિવઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી સુણ એહ, કહું બ્રહ્મા વિષ્ણું રૂદ્રનો ભેદ;
રજો ગુણ બ્રહ્મા કહિયે સાર સત્વ ગુણ વિષ્ણુંનો નિરધાર
તમો ગુણ દેવી રૂદ્રનો જાણે, પ્રગટ ત્રણે એહ પ્રમાણ;
ભોગ ભાવ તે બ્રહ્મા તણો, દયા ભાવ વિષ્ણુંનોજ ભણો;
ક્રોધ ભાવ તે રૂદ્રનો સહી ત્રિગુણાત્મક કથા એ કહી;
જન્મ મૃત્યુ જરા ત્યાં લગે, દેવી ત્રિગુણ વર્તે જ્યાં લગે.
(જેમ) સ્વપ્નામાં નાના વિધ ભોગ, (તેમ) ત્રિગુણાત્મક એવો સંજોગ
સ્વપ્નમાં ભોગ ભોગવ્યા જેહ, જાગ્યા પછી ન દેખે તેહ.
(એમ) આત્મા સ્થિતી મનમાં જો મળે, ત્યારે જન્મ, જરા, મૃત્યુ ભય ટળે;
આત્મજ્ઞાન પ્રગટ જ્યારે હોય, ત્યારે વસ્તુ ચરાચર જોય.

અને બ્રહ્મા વિષ્ણું રૂદ્ર ત્યાં જેહ. એક મુર્તિ ભણીએ તેહ;
નાના ભાવ હોય જેહને, દેવી મોક્ષના હોય તેને.
જે નિર્ગુણ બ્રહ્મચિદાનંદ હરિ તેણે સૃષ્ટિ કરી દેવી રજો
ગુણ ધરી,
સત્વ ધરી હરિ સર્વ પોષતો, તમો ધરી હર સર્વ સોષતો.
સરજે પાળે સંહારે જેહ લીલાએ ત્રિગુણ ધરે દેહ;
તેથી પર અપૂર્વ નહિ કોય, સકળ નિરંતર તેને જોય.
વિશ્વ ચરાચર વ્યાપક જેહ, ત્રિગુણાત્મક કહિયે હરિ તેહ;
સગુણ નિર્ગુણ એક તે જાણ, દેવી ત્રણ તે સદા પ્રમાણ.
દેવી મન નિર્મળ ત્યારે હોય, જ્યારે જગત બ્રહ્મ મય જોય;
અધ્યાત્મ વિદ્યા જેહને, પરમાત્મા જગત તેહને.
સુખદાયક તેને સંસાર, જેણે તજ્યો મનથી અહંકાર;
તે સર્વ નિરંતર આત્મા જોય, દ્વૈતભાવ તેમનથી ખોય.

ઘાટ બુદ્ધિ મુકો પરહરી કંચન દ્રષ્ટિ તે રાખો ખરી;
દેહ ભાવ તે મનથી ટાળ. કહે શિવ વસ્તુ ચરાચર નિહાળ.
જગત સર્વ દેવી હરિ જાણ. અપુર્વ બ્રહ્મ પ્રગટ પ્રમાણ;
નાના ભાવ જેને મન હોય, મોક્ષ પદ પામે નહીં સોય.
શિવ બ્રહ્મ શિવ વિષ્ણું તે જાણ, ને શિવ શૂન્ય દેવી પ્રમાણ
શિવ આત્મા સર્વાંગે જોય. કાળ સૃષ્ટિ કહીએ સોય.
ઓંકાર દેવી દેવ જેહ, ગગન તણી પેર્યે અસંગી તે;
સરજે પાળે ને સંહારે, કહે શિવ તે નાટક બહુ ધરે.
પણ સ્વભાવે નિર્મળ શુધ્ય સહી, કહે શિવ તેમાં સંદેહ
નહી;
ને નિર્ધન ધન મુર્ખ દ્વિજ જાણ, પંડિત તથા સ્વપચ પ્રમાણ
ભિન્ન ભાવ જેહને નવ હોય, તત્વ વેત્તા તે કહીએ સોય;
હર્ષ શોક રહિત ક્રોધ કામ, તત્વજ્ઞાની તે તેહનું નામ.

સુખ દુઃખ ભાવ અભાવ સમપ્રિત, અને શત્રુ મિત્ર વિશે
સમ ચિત્ત;
સર્વ સમાન્ય હોય જેહને, બ્રહ્મ વેત્તા કહિયે તેહને.
બ્રહ્મ જાણવાનું સુણ મુળ, દેવી તપ આચરવાં સ્થુલ;
તપ વિના બ્રહ્મ નવ જાણીએ, તપે બ્રહ્મ તત્વને પ્રમાણિયે
પરનિંદા પર સ્ત્રીને પરધન, તે ઉપરના જાયે મન;
સદા નિરંતર વસ્તુ વિચાર, તે શ્રેષ્ટ તપ કહેવું સાર.
ધર્મ મુળ દેવી દયા જાણ, જેણે પામિયે પદ નિર્વાણ;
હિંસા કહેની કરવી નહી, સત્ય સત્ય વાણી શિવે કહી.
સકળ ભૂત વિશે દ્રષ્ટિ સમાન, સમ સંતોષ લે આત્મજ્ઞાન
મનસા વાચા કર્મણા કરી, કહે શિવ દેવી દયા એ ખરિ.
શિવ ભણે દેવી એ દાક્ષ, ને તપ દયા હ્રદયે રાખ;
પ્રગટ કરી સર્વથા શિવ કહે, તપ દયા અધઓધજ દહે.

શ્રી દેવ્યુવાચ પૂંવછાયો.

દેવી સ્તવે દેવેશને, હે જગત ગુરૂ શિવ બ્રહ્મ;
જ્ઞાન સ્વરૂપ આનંદ ધન, તુજ સમર્ણે ટળે કર્મ.
માત તાત ભ્રાત સૂત, કહો ભાર્યાદિ સુખ સાર;
નિશ્ચય કરિ મહેશ્વર કહો, એ જંતનો પરિવાર.
ગૃહા શ્રમ તે જંતનો, જંત રહે કોણ ઠામ;
કોણ આવર્ણ એ જંતને, કહો પૂછું કરિ પ્રણામ.
ઉત્પત્ય લય એ જંતની, જંત નામ કોણ ઇશ;
કૃપા કરી મુજને કહો, પ્રભૂ પૂર્ણ જગદીશ.

શ્રી શિવઉવાચ. ચોપાઇ.

શિવ ભણે સુણ ઉમયા એવ જંતુ તણો જે પૂછયો ભેવ;
સાંભળ દેવી તુજને કહું, તત્વ યથાર્થ જે હું લહું.
દેવી જીવ શિવને જાણ, શિવમાં જીવ લય પામે નિર્વાણ;

જીવ શિવ શિવ જીવ એક, સત્ય સિદ્ધાંત એ જ્ઞાન વિવેક.
સ્થૂલ સુક્ષ્મ નહીં જીવનું રૂપ, અને દેવ જીવ સસ્વરૂપ;
પિતા જ્ઞાન અને દયા માત, મન સંયમ કરવુ એ ભ્રાત.
ક્ષમા ભગિનિ સત્ય સુત જાણ, સુમતિ ભાર્યા પ્રમાણ,
એ જીવ તણો કર્યો પરિવાર, વપૂ ગૃહ સંયુક્ત નવ દ્વાર.
શ્રોતા શૂન્ય ત્રિભોમ જાણ, જીવ રમે સદા સ્થલ તે પ્રમાણ
પંચ તત્વને આશ્રે રહે, શિવ જીવ ત્યાં તેને કહે.
પંચઈંદ્રિ આચ્છાદ્યો જેહ, દેવી જીવ નામ ત્યાં તેહ;
પંચ ઇંદ્રિ વશ જેહને, શિવ સ્વરૂપ કહીએ તેહને.
શિવથી ઉપજે શિવમાં સમે; દેવી જીવતે શિવમાં રમે;
જીવ નામ માત્ર તે જાણ, સદા સર્વદા શિવ પ્રમાણ.

શ્રી દેવ્યુવાચ પૂર્વ છાયો.

ઉમયા સ્તવે મહાદેવ, જય ભદ્ર રૂપ ભગવત્;
કૃપા કરિ તત્વ જ્ઞાન કહો, (જેણે) હોય દ્વૈતનો અંત.
કોણ વેદ શિવ મત તણો કોણ સંધ્યા તપ ધ્યાન;
હોમ કુલ તમ તણું, કહો નિશ્ચે ભગવાન્.
યથાર્થ જેવું હોય તેવું, કહો મુજને ભગવાન્;
જ્ઞાન ધ્યાન વિચિક્ષણ કહો, જેણે ટલે અહં જ્ઞાન.

શ્રી શિવ ઉવાચ ચોપાઇ.

શિવ ભણે દેવી સુણ સત્ય ધન્ય ધન્ય તે તારી મત્ય
પ્રશ્ન અપૂર્વ પૂછ્યું અતિસાર, જે જાણે ટલે અહંકાર.
બ્રહ્મ સ્વરૂપ પ્રાપ્ત જેણે હોય, પરમ પ્રશ્ન તે પૂછ્યું સોય;
અને યથાર્થ જે હું લહું, સાંભળ તે પ્રગટ કરી કહું,
વેદત્રય તે નહોય અવેદ, કર્મ બહુ ત્યાં વિધી નિષેધ;
વેદ તે જે ટાલ્યો ન ટલે, અસ્થિર તે સંગે નવ મળે.
દેવી વેદ તેહનું નામ, જેનો કોય ન જાણે ઠામ,

સસ્વરૂપ વિષે મન જે રહ્યું. વેદ નામ શંકરે કહ્યું.
હું તું ભર્મ જહાં કર્મ ન કાલ, (દેવી) વેદ તે નિરાલિંગ નિરાલ;
પરમ ઘોષ સદા અવિચ્છીન. વેદ તે જ્યાં સ્થિર હોય મન.
બ્રહ્મ વિદ્યા ધરે જે કોય, વિપ્ર પંડિત વેદ વાદિ સોય;
બ્રહ્મ વિદ્યા ધરી ત્યારે જાણ, જ્યારે હું તું અવિદ્યા હાણ.
જીતેંદ્રિય શમદર્શિ જેહ, અને બ્રહ્મ વિદ્યા ભાજન તેહ;
પ્રાણી માત્ર ઉપર શમ પ્રીત, બ્રહ્મ વિદ્યાની એવી રીત,
ક્ષીર સાગર વેદ શાસ્ત્ર પુરાંણ, મથવા બેઠા પંડિત જાણ;
તત્વ સાર યોગેંદ્રે ગ્રહ્યું, ને તક્ર શેષ તે લોકે લહ્યું.
ચૌદ વિદ્યા વેદ શાસ્ત્ર પુરાંણ, મુખાગ્રે વિદ્યા કરે વખાણ:
બ્રહ્મ જ્ઞાને ચિત્ત સ્થિર હોય, વિદ્યા વણીક તણી પેરે જોય.
વેદ વિદ્યા દેવી તે ન કહી' શ્રધ્ધા રાખ રૂદેમાં ગ્રહી;
ચૌદ વિદ્યા સંધ્યા કહીજે, દેવી મમ સંધ્યા નહોય તે.
સંધ્યા જેને નહિ અંત આપ, સંધ્યા તે જ્યાં નહિ ઉપાધ.
નિરાકાર નિરાલંબ જેહ, સંધ્યા સકલ થકી પર એહ;
પરબ્રહ્મ સ્વરૂપ એછે સહી. તે સંધ્યા મહા પુરૂષે કહી.
સહજ શૂન્ય દેવી અકલ અખંડ, તે સંધ્યા વર્જીત બ્રહ્માંડ;
પર્મ જ્યોતી ત્યાં સદા પ્રકાશ, તે સંધ્યામાં કરિ વાસ.
અને ઉશ્ન શિત ત્યાં વર્ણન પંચ, તત્વ ગુણ તણો નહિ સંચ;
કર્મ કાલ ને જ્યાં ગમ નહીં, વિષમ સંધ્યા હરદેવે કહી.
ત્રણ કાલ ત્યાં રહે સમાય, મહા કાલ સંધ્યા શિવ ગાય;
તેનું સ્વરૂપ કલે નહિ કોય અનાદ્ય સંધ્યા દેવી તે સોય.
પરાત્પર પર કહીએ જેહ, ક્ષર અક્ષરનું કારણ તેહ;
દર્શન કરો દેવી તેહ તણું, સસ્વરૂપ તેનું સોહામણું.

વ્યાપક રૂપ અકલ નિર્ધાર, તેજ પુંજ મહા ઝાલકારૂ;
અનિર્વચની કહીએ જેહ, બાહ્યા ભ્યંતર સઘલે તેહ.
ચપલ ચલકતું દેવી જોય, રાખી તેને ન શકે કોય;
મહા કાંતિ દેવી તે તણી; જેમ મહા મુક્ત સ્ફટિક મણી
દિવસ રાત્રિ દેવી નહિ જ્યાંહ, ચંદ્ર સુર્ય લય પામે ત્યાંહ;
વિષમ સંધ્યામાં જિતેશ્વર રહે. પ્રગટ પ્રકાશ કોઇ ન લહે.
(જ્યાંહાં) પ્રકૃતિ પુરૂષ નાદ બિંદુ શમાય; વિષમ સંધ્યા
શંકર તે ગાય.

સ્થૂલ સુક્ષ્મ વર્ણ ગુણ નહી, મારે લક્ષ સદા તે સહી
ઉર્ધ્વ રેતા હોય જેહ, પ્રકાશ દેખે દેવી તેહ;
મનુષ્ય નહીં જાણે તે દેવ, વિષમ સંધ્યાનો જે લહે ભેદ
કરે કરી જે ન ગ્રેહેવાય, પણ શ્રી ગુરૂ દૃષ્ટે દર્શન થાય,
કહે શિવ કહેવું કહ્યું ન જાય, (જેમ) ગુંગો શાકર ખાઇ
રીઝાય.

કહેવા સરખી વસ્તુ નથી, સિદ્ધાંત વાણી શંકરે કથી;
વસ્તુ ભોગનું એહ પ્રમાણ, કહે શિવ જાણી થાય અજાણ
તે નિર્ગમ તણી પેર્યે થઇ રહે, હિમ ગળ્યો તે ખબર નવ
કહે;

વસ્તુ ભોગ્ય ત્યારે લાગી સહિ, જ્યારે ઉપજણી સઘળી ગઇ
કથણી અને વદણી કરશે બહુ, કહે શિવ દેવી સુણસે સહુ,
વસ્તુ ભોગ્ય હશે તે જેહને, મૃતગવત્ય મતિ હોય તેહને.
મન ઇંદ્રિ સદા જેછે ઠામ ઉર્ધ્વ રેતા દેવી તેનુ નામ;
જેને અંતઃકરણ અવિદ્યા નહિ. ને રાગ દ્વેષ ન પામે કહિ.
શુભાશુભ રહિત ક્રોધ કામ અંતઃકરણ વિષે રમે રામ;
વિષમ સંધ્યા વિષે જે રહે ઉર્ધ્વ રેતા શિવ તેને કહે.
સંધ્યાનો તુજને કહ્યા મર્મ સાંભળ સાધન કહું નિષ્કર્મ

અન્ય ધ્યાન તે ધ્યાન ન હોય, શૂન્ય ગત મન ધ્યાનતે સોય-
શૂન્ય માંહ લય પામી રહે. તે જીવન મુકત સદાશિવ કહે;
ભાવ સકલ રહિત વાસના' જીવન મુક્ત શૂન્ય ઉપાસના.
(હવે) હોમ કહુ દેવી સુણુ સાર, જે હોમે હોય ભવવાર;
અશ્વ મેધ હોમ તે હેમ નહિ, તે નિરંતર ત્યાં હિંસા થઈ.
બ્રહ્મ અગ્નિમા હોમે જીવ જેહ. શ્રેષ્ટ હોમ શંકર કહે તે;
નિરધોમ અગ્નિ શૂન્ય વિષે જોય, શિવ ભણે બ્રહ્મ અગ્નિ તે સોય

અહં ટલી મન શૂન્ય સાર મ્હા હોમ હરદેવ તે ગાય;
બ્રહ્મ વિન વિપ્ર હોમ તે કરે. કહે શિવ તે ત્યારે નિસ્તરે,
કહે શિવ ધર્મ તણો સુણુ મર્મ, જેણે ધર્મે ભાગે ભંવ ભર્મ,
અગ્નાદિક ધર્મ ભણિયા જેહ, ધર્મ ન હોય દેવી કર્મ તેહ.
અધ્યાત્મ ભાવણુ નીજ ધર્મ, કહે શિવ અન્ય સકલ તે કર્મ;

અને અન્ય ધર્મ તે જાણ, ઇચ્છે લાભને હોયે હાણ-
શોભા અર્થે કરે બહુ ધર્મ, તે અધ્યાત્મનો ન લહે મર્મ;
જીતેંદ્રિય શમ દર્શી જે જન, અધ્યાત્મનાં એવાં છે ચિન્હ,
બ્રહ્મ ભાવ સદા જે ને રૂદે, અધ્યાત્મ શિવ તેને વદે;
મનસા વાચા કર્મણા કરી, અને અધ્યાત્મ વિદ્યા એ ખરી.
ભકિત મુકિત ઉભય છે તેહને. અધ્યાત્મ વિદ્યા હોય જેહને,
અધ્યાત્મ વિદ્યા ઉપર નથીધર્મ, કહે શિવ તે નિશ્ચે નિષ્કર્મ.
હવે કુલ તણી કહું શુણુ કથા, શિવ ભણે હું લહુંછુ સર્વથા;
અગ્નાદિક કુલ તે કુલ નહીં, બ્રહ્મ ઉચ્ચાર જ્યાં વર્તે નહી.
તે સદા શ્રેષ્ટ ચાર કુલ વાન, (જેને) રૂદે વસે એક ભગ વાન;
કાળ ક્રોધ રહિત અભિમાન, સદા નિરંતર દ્રષ્ટ સમાન.
કિર્તીવંત પંડિત કવિ તેહ, કેહે શિવ બ્રહ્મ જાણે જેહ;

વિષય અહંકાર રહિત દ્વેષ રાગ, માયા મમતા મોહ મદ
ત્યાગ.

બ્રહ્મજ્ઞાન તત્વ જેણે લહ્યું તે નિર્મલ કુલ મહાદેવે કહ્યું
શશિ પેર્યે નિર્મલ કુલ તેહ, બ્રહ્મજ્ઞાન સદા ધરે જેહ.
વેદ વિધાં સંધ્યાદિક ધ્યાન, હોમ કર્મ કહ્યું કુલનું માન;
શ્રેષ્ટ પક્ષ સિધ્ધાંત એહ કહ્યો, દેવી મહા પુરૂષે તે ગ્રહ્યો.

શ્રી દેવ્યુવાચ પૂર્વ છાયો.

ઉમયા સ્તવે હરદેવ, જય જય શ્રી જગદીશ;
બ્રહ્મજ્ઞાન લક્ષણ તે કહો. કૃપા કરી મુજ ઇશ.
જે જ્ઞાન દેવ તમે કહ્યું, તે સમ્યકન્ લહ્યું સાર;
હવે તત્વ મુજને કહો, કૃપા કરી નિરધાર.
બ્રહ્મજ્ઞાન શંકર કહો, પ્રગટ કરી અસ્મેવ;
મન માંહે લયલિન હોય, કહો શિવ મુજ અસ્મેવ;

શ્રી શિવ ઉવાચ. ચોપાઇ.

દેવી પ્રત્યે મહાદેવ કહે, સ્વસ્થ ચિત્ત વિના તત્વ ન રહે;
સ્થિર થઇ દેવી સુણો વાત, વલી જ્ઞાન કહું છું સાક્ષાત.
અને મન ક્રમ વચન શુદ્ધ હોય, બ્રહ્મજ્ઞાન કહે શિવ સોય;
સ્વપ્ન વિના નિદ્રા જેવી હોય, બ્રહ્મજ્ઞાન દેવી જાણો સોય;
દેવી એ મન જ્યાં જાય, શિવ ભાવ જે સઘલે થાય;
વસ્તુ વિચાર જેને હ્રદયે હોય, બ્રહ્મજ્ઞાન શ્રેષ્ટ ત્યાં સોય;
જે નિસ્પૃહી એકાકી સંત, છે બ્રહ્મજ્ઞાન તેહ સિદ્ધાંત;
ચિન્તા નિદ્રા વર્જીતજ જેહ, બ્રહ્મજ્ઞાન ઉચિત ત્યાં તેહ.
અશ્વ નિંદ્રા તૂલ્ય વર્તમાન, સુણ દેવી તે બ્રહ્મજ્ઞાન;
અનુચેષ્ટિ સદા તેહનાં મન્ન, બ્રહ્મજ્ઞાન છે તેહને સપન્ન.
બાલ સ્વભાવે વિચરે જેહ, બ્રહ્મજ્ઞાન શ્રેષ્ટ દેવી તેહ;
જેને શત્રુ મિત્ર શુભા શુભ નહિ, બ્રહ્મજ્ઞાન દેવી તે સહી.

જે બ્રહ્મજ્ઞાન સદા અભ્યાસે, (તેને) રાગ દ્વેષ કહિયે ન વસે;
દ્વિજ તથા ચંડાલજ હોય, બ્રહ્મજ્ઞાની કહીએ સોય.
વ્યોમ માર્ગે તે પક્ષી જાય, તેનો પંથ ન લેહેવાય;
બાલ સ્વભાવે પ્રીછે જેહ, બ્રહ્મજ્ઞાન ગુઢ જાણે તેહ.
પક્ષી વ્યોમ માગી રહે, દેશ વિદેશ તે તો ન લહે;
(તેમ) બ્રહ્મવિદ સદા વસ્તુ વિષે રહે: શુભા શુભ આવે તે-
તો સહે
(જેમ) બાલને પય પાનસુ કામ તે અન્ય વસ્તુનું ન લહે નામ;
તેમ બ્રહ્મવિદને બ્રહ્મનું ધ્યાન, સકલ ભૂત વિષે દ્રષ્ટિસમાન;
સર્વ જીવનો સૃષ્ટા જેહ, જગન્નાથ ઉચિત ત્યાં તેહ;
ગંગા મ્બુજવલ ચિત્ત જેનું હોય, ચિંત્તા રહિત સાક્ષિ થકો
જોય.
અને તત્વ દર્શિ શ્લોકાર્ધ્વે કહે; તે તત્વ જો હ્રદય વિષે રહે;
સર્વ ચિંત્તા સઘ પરહરે, મહા યોગ મન માંહી ધરે.
ક્ષણાધિક્ષણ ધરે જો સમાધ્ય, મેહેલી મનથકી ઉપાધ્ય;
અઘ ઓઘ તે તત્ક્ષણ ટલે, જો મન ઉન્મુની ધ્યાને મલે.
વિદ્યા શાંકરી મુદ્રા ખેચરી, શિવ વિદ્યા મુદ્રા જેણે ધરી;
ચિંત્તા રહિત જેનું મન હોય, શિવ સ્વરૂપ ત્યાં કહીએ સોય;
યોગ સમાધિ જેણે ધરી, અધ્યાત્મ વિદ્યા એ ખરી;
નિર્વાણ પદ પામે તેહ, ચિંત્તા વિન મન્ હોય જેહ;
દેવી મન ઈંદ્રિ જેહનો ઠામ, નિરાશ્રિતનિ સ્પૃહી નિષ્કામ;
અહંમત્વ શુભા શુભ નહીં, અધ્યાત્મ સમાધિ એ સહી.
કેવલ જ્ઞાન દેવી તે જાણ, વળી ગર્ભધ્યાન ત્યાં પ્રમાણ;
મહા આનંદ પદ તેહનું નામ, ચિંત્તા રહિત સદા મન ઠામ.
યોગી યોગ ધ્યાન તે ધરી શિવ શક્તિ સંયોગે કરી;
સુર્યે શશિનો સંગમ થાય, સુર્ય તે શશિ ઘેર જાય

ત્યારે પરમ સુખ જે હોય. ચિંતા રહિત મન લહે પદ સોય;
સસ્વરૂપ ત્યાં કહીએ સોય. ચિન્તા રહિત મન જેનું હોય.
મોક્ષ માર્ગ તે પામે સહી, વિષય તૃષ્મા દેવી જેની ગઈ;
ને સોષ મલ વર્જીત જેહ, મુક્તિ દુર દેખી નહી તેહ
સસ્વરૂપ સૃષ્ટી કર્તા જેહ. ચિંતા રહિત હોય મન તેહ;
ચિંતા વિના મન હોય જેહનું, કહે શિવ હું સ્મર્ણન કર તેહનું
રાજ સુયજ્ઞને તો બહુ કરે, વૃત સકલ નાના આચરે;
બ્રહ્મજ્ઞાનની કળા ષોડશી, અશ્વમેધ સહસ્ત્રની વક્ષી.
અને સર્વ દાન તણું ફળ જેહ દેવી સર્વ તિર્થ તણું ફળ તેહ
બ્રહ્મજ્ઞાને મહા પુણ્ય હોય, કળા સોળમી ન આવે કોય.
માત તાત બંધવ સૂત મિત્ર, વિદ્યા દેવ તપ તિર્થ પવિત્ર;
(પણ) શ્રી ગુરૂ તૂલ્ય ન આવે કોય, જેહને દર્શન પર્મ પદ હોય
શૂન્યાક્ષરે શિપને ગુરૂ કહો, કહે શિવ આત્મ લાભ ત્યારે થયો
ગુરૂ દક્ષણા દેવા કાંય નથી. સત્ય સત્ય વાણી એકથી
સકલ રણ ગુરૂ છોડવે સહી, (પણ, ગુરૂ રણ છોડવા ઉપા-
ય નહી
એવા શ્રી ગુરૂનું શું કરૂ વખાણ, જે સદ્ય પમાડે પદ નિર્વાણ
હું શ્રી ગુરૂનું નિતે ધરૂ ધ્યાન, જેણે આપ્યુ મને બ્રહ્મજ્ઞાન;
શ્રી ગુરૂનું સ્મર્ણ નવીસરે, જય જય શ્રી ગુરૂ હર ઉચરે.
શિવ ભણે મહા વાયક વેદ, યત્ર તત્ર ન કેહેવો ગુરૂ ભેદ;
બ્રહ્મજ્ઞાન યોગ્ય કોઇ એ નથી, સિધ્ધાંત વાણી શંકરે કથી.
સાધુ ભક્ત સેવક હરીદાસ, દેવી ત્યાં કરજે પ્રકાશ;
અતિયા ચાર જેહનો હોય, તેહને તત્વ ન કહેવું સોય.
બહુ આપાસ કરે જન જેહ, તત્વ જ્ઞાન યોગ્ય નહીં તેહ;
જે અલ્પ બુદ્ધિ મિથ્યા અલાપ, તેને ન કહેવો બ્રહ્મ જાપ.
ગૃહ મેધીને જ્ઞાન ન ઠરે, દીન આગળ રખે ઉચરે;

સ્ત્રી સંગીને ન કહેવું જ્ઞાન, એ તજવા ષટ્ શિવ ભગવાન.
પુજા મંત્ર હોય તપ ધ્યાન, જાપ વલી ક્રીયા અભિમાન;
અરીષ્ઠ વર્ગ જેહને હોય, દેવી દૂર વર્જવા સોય.
જિતેંદ્રિય સદા યોગી તેહ, નિદ્રા હીન સ્થિર આસન જેહ;
તેહને કેવું એ બ્રહ્મજ્ઞાન, મમ મિત્ર કહે શિવ ભગવાન.
(જેમ) કાષ્ટભાર અસંખ્યજ હોય, (તેને) ક્ષણમાં પાવકે
દહે સોય,
(તેમ) બ્રહ્મજ્ઞાન શુભા શુભજ દહે, દેવી પ્રત્યે શ્રી શંકર કહે.
અજ્ઞાને અઘ કર્યાં જેહ, જ્ઞાન ભાવે બળે સર્વ તેહ;
(પણ) જ્ઞાન ભાવે પાતિક જે કરે, દેવી તેતો નવ ઉગરે.
વેદ વિદ્યા સર્વ શાસ્ત્ર પુરાણ, તેંનોનો કેમ કરે પ્રણામ;
સમીપ વસ્તુ દૂર જે કહે, સિધ્ધાંતમાં તેતો નવ લહે.
સમીપ વસ્તુ ત્યારે લહેવાય, જ્યારે મન તણો ક્ષય થાય;
વસ્તુ વિચાર રૂદેમાં ધરે, મન યત્ર તત્ર જતુ સ્થિર કરે,
જ્યારે મન શૂન્યમાં રહે, ત્યારે રોગી તત્વ ને લહે ;
કિચીંત કલ્પના ઉપજે નહીં, શૂન્ય મન યોગી તે સહી.
જેને પંચેંદ્રિ પીડયા ન કરે, તે જીવન મુક્ત થકો વિચરે
સકલ ભૂત વિષે દ્રષ્ટિ સમાન, તે જીવન મુક્ત કહે ભગવાન
સર્વ વસ્તુ વિષે આશક્ત નહી, સર્વ ચિંત્તા વર્જીત તે સહી;
મૃતક તણી પેર્યે વર્તે જેહ. જીવન મુક્ત ત્યાં કહીયે તેહ.
અને નાદ વિંદ ન પામે મોહ; ચિત્ત ચૈતન્ય અહંકાર ખોય;
દુર્લભ પદાર્થ તેને નહી, રાજ યોગ શ્રેષ્ટ તે સહી.
જાગૃત યોગસુ જો મન મળે, ત્યારે મરણ તણો ભય ટળે;
મુદ્રા આસનમાં મન સ્થિર થાય (ત્યારે) જાગૃત નિદ્રા
સ્વપ્ન તે જાય.
જ્યાં લગે વાયુ દેહમાં સ્થિર ન હોય, ત્યાં લગે મૃત્યુ તે
વ્યાપે સોય;

જ્યાં લગે સ્ત્રી સૂત સંગ રમે; ત્યાં લગે દુઃખ એકે ન સમે.
જ્યાં લગે મન ચંચલ હોય, આલસ નિદ્રા વિષય દેહ સોય;
જ્યાં લગે એ મન વશ ન થાય, ત્યાં લગે જંન ફેરા ખાય.
સાધુ સંત અનુભવિ યોગી તેહ, યતિ મુનિ પંડિત કવિ જેહ;
દેવી મન વસ્ય હોય જેહનું,મહા પુરૂષ નામ તેહનું
ગ્રામ અર્ણ્ય સરખુ જેને સહી, પવિત્ર અપવિત્ર જેહનેનહી;
અસ્નાતા સ્તાતા પ્રમાણ, બ્રહ્મચારી સદા સુચી જાંણ-
જીવાત્મા ઉર્ધ રેતા જેહ, સુધ્ય ભાવ જીતેંદ્રિય તેહ;
તે તેહુ અને હુ તે તેહ, સત્ય સત્ય શિવ ભાષે તેહ-
(જે) ઉત્તમ મધ્યમ સ્તુતિ નિંધા ન કરે, તે ગુણ દોષ હૈયે ન ધરે;
જીવત મૃતક યોગી જેહ, સકલ વિન્ધ સધ ટાળે તેહ.
ભિક્ષા અહાર નિરા હાર તે સહી, અને ભિક્ષા તે પ્રતી ગૃહ- નહી;
યત તત્ર જેવી તેવી ગ્રહી, તે સોમ પાન તૂલ્ય શિવે કહી,
બહુ અહારે કામ રોગ મૃત્ય, અલ્પ અહારે સદા અમૃત;
યત્ન કરી સર્વથા શિવ કહે, દેવી સ્વલ્પ અહાર કરિ રહે.
તત્વ જ્ઞાનીને ત્રણ સર્વ શાસ્ત્ર, નિસ્પૃહીને જગત્ તૃણ માત્ર
વિરક્ત ને મન તૃણ સર્વ નાર, જીવન મૃતત્વ તૃણ સૂર સંસાર
બ્રહ્મજ્ઞાન અમૃત મહા સ્વાદ, તે યોગી મન ધરે ઉલ્હાદ,
બ્રહ્મ રસ પીને તૃપ્ત જે થયો- હું તું ભાવ સકલ તેનો ગયો.
બ્રહ્માદિક ઇંદ્રાદિક જેહ, રાજા કિટ સમતૂલ્ય સર્વ દેહ;
ચરાચર ચૈતન્ય તે જોય, અન્ય ભાવ તેહને નવ હોય.
ચિત્ત લીન ચેતન્યમાં થયુ; તે મુક્ત પદ મહાદેવે કહ્યું;
દેવી જન્મ મૃત્યુ ત્યાં તેહ, ચિન્ત ચંચળતા પામે જેહ-

યત્ન કરી સર્વથા શિવ કહે, ચિન્ત લીન હોય તે ગ્રહે;
ચિન્ત લીન દેવી ત્યારે હોય, જ્યારે બ્રહ્મ સકળમાં જોય.
ચિત્ત ચાલે તો મનમાં લોક, ચિત્ત ચાલે સોર બહુ શોક;
ચિત્ત સ્થિર તો ગૃહે માંહો વન, ચિત્ત સ્થિર તો સદા સંપન્ન;
દેહાભિમાન તે જ્યારે ગળે, પૂર્ણ બ્રહ્મ તે ત્યારે મળે;
તેને યત્ર તત્ર સુખ સમાદ્ધ, (જેનું) ગળે અભિમાન ટળે ઉપાધ્ય.

દેહાભિમાન ટળે તે જ્ઞાન, તે પરઆત્મા શિવ ભગવાન;
જ્યાં જ્યાં મન જોયે તે સહી, ભિન્ન ભાવ કહી પામે નહિ;
ચરા ચર પરબ્રહ્મ તે જોય, સહેજ સમાદ્ધ કહિયે સોય;
યત્ર તત્ર સંત રહે જાય, તત્ર તત્ર શિવ ભાવતે થાય;
યત્ર યત્ર સંત શિવ તે જોય, તત્વદર્શિ તે કહીએ સોય;
તત્વ દાર્શને છે તત્વ સુકાજ, (એમ) દેવી પ્રત્યે કહે મહારાજ.
સંત તણું સુખ સંત તે લહે, (જે) સદા નિરંતર ઉન્મુનિ રહે;

અને સાંતવિતનું સુખ શું કહું, કહે શિવ દેવી હું નાં લહું.
(વળી) બ્રહ્માદિક ઇંદ્રાદિક દેવ, તેન્સુખનો નવ લહે ભેદ;
ચક્ર વર્તિ રાજા ત્યાં જેહ, સ્વપ્નાંતરે ન જાણે તેહ.
લક્ષ્મવાન્ તપવાન્ વિદ્યાવાન્ જેને વર્ણાશ્રમ દર્શનનાં સાન;
સંતતણું સુખ તે નવ લહે, સત્ય સત્ય શ્રી મહાદેવ કહે.
ચિંતા અને નિદ્રા વર્જીત જેહ, સ્થિર આસન સદા યોગી તેહ;

ક્ષણમાં શાંત સિદ્ધ તે હોય, જીવન મુક્ત પદ પામે સોય.
તુરિયાપદ પામે તેહ, બ્રહ્મયોગ ત્યાં જાણે જેહ;
બ્રહ્મયોગ વિણુ શંકર કહે, નિર્વાણુ પદ તે કો નવ લહે.

શ્રી દેવ્યુવાચ. પૂર્વ છાયો.

દેવી સ્તવે મહાદેવ, જય જય શ્રી ભગવાન;
પદ નિર્વાણુ તે પામવા, કહો બ્રહ્મયોગ વિધાન.
જાગૃત સ્વપ્ન નિદ્રા તૂરિયા, તૂરિયાતીત કહો દેવ;
બ્રહ્મયોગ મુજને કહો, (જેણે) ટળે સંકલ્પ અસ્મેવ.

શ્રી શિવઉવાચ. ચોપાઈ.

શિવ ભણે દેવી સુણુ મર્મ, અને પ્રથમે બ્રહ્મયોગ નિઃકર્મ
તેહ તણું હું લક્ષણુ કહું સાર, જે ગ્રહે તો હોય ભવ પાર.
પરમ ગુરૂની કીજે સેવ, જેહનું નામ નિરંજન દેવ;
સકળ ભૂત વિષે દ્રષ્ટિ સમાન, સદા નિરંતર આત્મજ્ઞાન.
અધિક ન્યુન કહેતુંય ન કરે, આત્મ ભાવ નિરંતર ધરે;
દેહ દેહિનો જાણે મર્મ, વળી બ્રહ્મયોગ નિર્ગુણ નિઃકર્મ.
પ્રકૃતિ સાથે ન કરે સ્નેહ, વસ્તુ વિચારે વીચરે જેહ;
હે ઉપાદ્ધ તે નવ કરે, બ્રહ્મયોગ તે હર ઉચરે.
રાગ દ્વેશ રહિત અભિમાન, અખંડ વસ્તુનું જે ધરે ધ્યાન;
અર્ધ ઉર્ધ્વ મધ્ય હરિને લહે; બ્રહ્મયોગ શિવ તેને કહે.
નાદ વિંદનો કરે સમાસ, વિષમ સંધ્યામાં કરિ લો વાસ;
મળ રહિત આસન સ્થિર કરે, શૂન્ય લક્ષ નિરંતર ધરે.
સ્થિર અસન કરવું દેવી એહ, ચિત ચંચળાતા પામે ન હિ જે;
વિષય પ્રપંચ પ્રકૃતિ ધર તજો, નિવૃત અરણ્યમાં હરી ભજો.
અના શક્તિ તે સ્થળ એકાંત, જ્યાં નહીં દ્વૈત મોહ ભ્રાંત;
તિર્થ સકલ જ્ઞાન નિજ સાર, મંત્ર સકળ મૂખ્ય રામ ઉચાર.
તપ તેહ જે ક્ષમા મન ગ્રહી, મૌન્ય તે જે અન્ય ભાવણુ નહિ
દમતે જેહ તજવું માન, દાન તે જે દ્રષ્ટિ સમાન.
સમ તે જે વિષમતા ટળી, વાસના બ્રહ્મ વિધામાં ભલી;
યમ તે જે મન ઇંદ્રી ઠામ, નેમ તે જે લેવું હરિ નામ.

જ્ઞાન તે જે મન મોહ ખોય, ધ્યાન તે જે આત્મ જોય;
જપ તે જે અજંપા જાપ, દેવ તે જે નિરંજન આપ.
પૂજા પ્રેમ જે મંન વિશ્વાસ, ભક્ત તે જે દાસનો દાસ;
વૈરાગ્ય તે જે દેહ નસ્પુરે, સંત તે જે જીવત મરે.
માયા મમતા તૃષા કલ્પના, સ્ત્રી તજવી આશા જલ્પના;
અચિંત આહાર અલ્પ જે ગ્રહે, નિસ્પ્રેહી એકાકી શિવ કહે.
નિદ્રા તજવી તે ત્યાં એ, અજ્ઞાન વાસના ટાળવિ જેહ;
ચિંતા તજવી તેહ એ જાણ, કલ્પવું નહીં લાભ ને હાણ.
ભગવાં તે જે ન વધા ભક્તિ ગ્રહે, જટા તે જે યુક્તમાં રહે;
ભસ્મ તે જે શુભ મતિ ધરે, દંડ તે જે દંભ પરહરે.
ગોળી તે જે પ્રેમ હરિ ગાન, દેવી પતંર સંતોષ સ્વસ્થાન;
આહાર લક્ષ અનુભવ અચંત, જીવત મૃતક ગયે તંત મંત.
કમંડળ તે જે બ્રહ્મ રસ પાન, ચેલા ચતુર જ્ઞાન વિજ્ઞાન;
પુસ્તક તે જે સત્ય ભાષણ સહી, સિંગી ધુન્ય અનહદ કહી.
કથા તે જે સુદ્ધ વૈરાગ્ય, કોપિન તે જે સંગનો ત્યાગ;
વિવેક વિચાર મુદ્રા બેહુ ધરે, મુક્ત સંગ એકાકી ફરે,
વજ્ર કાચ્છ તે જે સ્થિર મર્તિ જાણ, રોધે નિત્ય વાસના પ્રાણ;
ઉડિયાણ જંગોટા જેહ, સંયમ દયા ત્યાં ધરવી તેહ.
વિચારી શાંકરી વિદ્યા ગ્રહી, ખેચરી એ રહી સ્થિર થઇ;
સહેજ શૂન્યમાં રહે સમાઇ, બ્રહ્મયોગ શંકર તેને ગાય.
અગમ અગોચર ફેરી ફરે, ભમર ગુફામાંહી જઇ ઠરે;
ઉન્મુનિ મઠતે સ્થાન મુકામ, જ્યાં સિદ્ધ સકળ તે પામે વિશ્રામ.
બ્રહ્મયોગ દેવી અકલ અપાર, સંક્ષેપે તને કહ્યો વિચાર;
કહે શિવ બ્રહ્મયોગ ધરે જેહ, પદ નિર્વાણ ત્યાં પામે તેહ.

બ્રહ્મયોગ કહ્યો એ સાર, હવે કહું તૂર્યાતિત વિચાર;
જાગૃત પક્ષ એ પ્રમાણ, શ્વાસો શ્વાસ કરે જે પ્રાણ.
પ્રાણ હંસને તો નિદ્રા નથી, જાગૃત દશા દેવીએ કથી;
સકળ કર્મ એણે કરી થાય, પ્રાણ હંસ જાગૃત શિવ ગાય;
તે સ્વપ્ન દશાનું એહજ રૂપ, દસ ઈંદ્રિ કેરો જે ભૂપ;
કલ્પે જલ્પે દો દશા ધાય, વળી આવે વળી વળી જાય.
મન નામ કહીએ ત્યાં જેહ, અતિ ચપળતા સદા છે તેહ;
સંકલ્પ વિકલ્પ મનો રસ કરે; ઠામ ઠામ જે ધાતો ફરે.
પ્રતક્ષ સ્વપ્ન દેવી એ મન, પ્રગટે તેના વર્તે ચિન્હ;
હર્ષ શોક મોહ પામે જેહ, સ્વપ્ન દશા શંકર કહે તેહ.
નિદ્રા દશા દેવી એ જાણું, અને જડ દેહ પ્રતક્ષ પ્રમાણ;
પંચ ભૂત તણો જે દેહ, જડ શૂન્ય ત્યાં કહીએ તેહ.
ભાવ અભાવ જેને નહીં, ગ્રહે ન સ્વરૂપ દેવી તે સહી;
જાગૃત સ્વપ્ન નિદ્રા કહી તેહ, તૂર્યા દશા હવે કહું જેહ.
(જે) સ્વયમ પ્રકાશ અનહદ ધુન્ય, તૂર્યા એ સમે મહા મુનિ;
અખંડ નાદ અનહદ હોય, તેને જાણે વિરલા કોઇ;
સપ્ત પાતાલ બ્રહ્માંડ એકવિશ, ધૂન્યે સકલમાં કહે જગદીશ;
સુક્ષ્મ સ્વરૂપ દેવી તે તણું ગુરૂ પ્રસાદે નિરંતર ભણું.
તૂર્યાતિત નિઃશબ્દ નિર્વાણ, ગુરૂ દ્રષ્ટે પ્રગટ પ્રમાણ;
પરાત્પર તે કહીએ એહ. સહેજ શૂન્ય પૂરી રહ્યો તેહ.
વિષમ સંધ્યામાં કરિ લે વાસ, પ્રગટ જ્યોત ત્યાં સદા પ્રકાશ;
તેજ પૂજ્ય દેવી તે જોય, નિરાલંબ નિરંજન સોય.
કહે શિવ ઉપમા કહી ન જાય, નિતી નિગમ જેહને ગાય;
અનિર્વચની કહીએ જેહ. બાહ્યા ભ્યંતર વ્યાપક જેહ.
કહે શિવ દેવી નિશ્ચે જાણ, શ્રી ગુરૂ દ્રષ્ટે પ્રગટ પ્રમાણ.
સસ્વરૂપ સહેજાનંદ જેહ, પરમ પ્રકાશ પ્રગટ્યા તેહ.

શ્રી દેવ્યુવાચ ચોપાઇ

પાર્વતિ કહે શ્રી મહાદેવ, સમશા એ કહ્યો તમે ભેદ;
તમ સરખા સિદ્ધ હોય જેહ, સમશા એ પ્રભુ પ્રીછે તેહ.
મારે નથી સ્વામી એ સાન, જે સમશા એ પેખુ ભગવાન
પ્રગટ કરી મુજને કહો મહા મતિ, સંજ્ઞાએ હું પ્રીછતી નથી.

શ્રી શિવ ઉવાચ ચોપાઈ.

શિવ ભણે દેવી સુણ એહ, પ્રગટ લક્ષણ કહું તુજને તેહ,
ચરાચરમાં વ્યાપી જે રહ્યો, ચૈતન્ય બ્રહ્મ સોહં કહ્યો.
પ્રતક્ષ દેખો દેવી તેહ, પિંડ બ્રહ્માડ ધરી રહ્યો જેહ;
રૂપ રંગ ગુણ નહી આકાર, ચૈતન્ય બ્રહ્મ તે સોહં સાર.
પિંડ બ્રહ્માડ સોહંમાં રહે, સકળ કારણ શિવ સોહં કહે;
સોહં કારણ શંકર વદે, દેવી તત્વ તે રાખો રૂદે.
સોહં હંસ જ્યાં ગતિ હોય, સ્વસ્થ થઇને તે તું જોય;
સહેજ શૂન્યમાં મિટજ ધરો, મેષાન્મેષ દેવી પરહરો.
નિર્મળ બુદ્ધિ એ મન સ્થિર કરિ જોય, બ્રહ્મ દર્શન ત્યારે તો હોય;
પૂર્ણ પ્રકાશ અખંડ અતિ ઘણો, મહાવેદ દેવી છે તે તણો.
તે જોતાં જોનારો હું ટળે, વસ્તુ વસ્તુ માંહે જઇ ભળે;
મૃગ જળ સ્ફાટિક મણિ વિચિત્ર વર્ણ, શિવ ભણે હું તેહને શર્ણ.
રજ તંત કનકની કણી, મહા મૂક્તા ઝુલ શોભા ઘણિ;
ઉષ્ણ શિત નહીં દિવસ ને રાત, દેવી ત્યાં નહિ ભાત અભાત.
વ્યોમાતિત વ્યોમ ભરપૂર, જ્યાં ન ઉગે ચંદ્ર ને સુર,
(તે) તુરિયાતીત અખંડ અવિનાસ, પરમ ધ્યાન ત્યાં સદા

પ્રકાશ.

સોહં હંસ જોડે સર રહે, પાળવિના સરોવર શિવ કહે;
જળ વિના જળ સંપૂર્ણ જોય, ઉજવલ કમલ અનંત તે હોય
શૂન્ય માર્ગ દેવી જે ગયા, કહે શિવ તે ત્યાં મધુકર થયા;
અર્ધક્ષણ ત્યાંથી અલગા ન થાય, મમ મિત્ર તે શંકર ગાય,
સહેજ શૂન્યમાં કરિ લે વાસ, પરમ બ્રહ્મ જ્યાં સદા પ્રકાશ;
પરમ અમૃત કરે તે પાન, એવું બોલ્યા શ્રી ભગવાન.
સકલ સંત તેને સંગ રમે, તે જોતાં ઉપરાજણ સર્વ સમે;
અખંડ બ્રહ્મ અકલ અરૂપ, પરમ જ્યોતિ નિરંજન ભૂપ.
અતિ સુક્ષ્મ સદોદિન વસ્તુ, દેવી તેને ઉદેને અસ્ત;
નિરલિંગ જ્યોતિ નિરંજન નિહાળુ, યત્ર તત્ર દેવી તે ભાળુ.
બાહ્યા ભ્યંતર રમતા રામ, ઠાલો નહીં અનુમાત્રે ઠામ;
વિશ્વ ચરાચર તેમાં રહ્યું, સત્ય સત્ય મહાદેવે કહ્યુ.
આદિ પુરૂષ નિરંજન જેહ, તેમાં વિશ્વ વિશ્વમાં તેહ;
નામ સ્વભાવ કર્મ ગુણ તેહ, દેવી નિશ્ચે રાખો એહ-
સકલ રૂપે દેવી તે થયો, પિંડ બ્રહ્માંડ ભરી તે રહ્યો;
સકલ ભૂતને તે સંવરે, લીલાયે બહુ રૂપ તે ધરે.
અનાદિ બ્રહ્મ અજ અવ્યે જે ઇશ, (તે) સેવો સદા દેવી જગદિશ;
મારે દેવીજ્ઞાન ધ્યાન એહ, પૂર્ણ બ્રહ્મ વ્યાપક હરિ જેહ.
એ બ્રહ્મજ્ઞાન દેવી કહ્યું સાર, જે જાણે હોય ભવ પાર;
મન વચન ક્રમ સુધ્ધ કરી, કહે શિવ રાખ હ્દયે ધરી.
ભવ સાગર ઉતરવા પાર, બ્રહ્મજ્ઞાન નાવ દ્રઢ સાર;
બ્રહ્મજ્ઞાન રાખો રૂદે ગ્રહી, અભય સ્થાન તો પામો સહી,
બ્રહ્મજ્ઞાન સાસ્ત્ર જેણે સુણ્યુ, (જે) ઉમયા પ્રત્યે શંકરે ભણ્યુ;
એ પરમજ્ઞાન લહે જે કોય, તે જીવ ટલી નિશ્ચે શિવ હોય.

બ્રહ્મજ્ઞાન ભણે જે કોય, અભય પરમ પદ પામે સોય;
બ્રહ્મજ્ઞાન સુણે એકે ચિંત. તેને મળે સત્ય ભગવંત.
બ્રહ્મજ્ઞાન નિત્યે જે ભણે બ્રહ્મજ્ઞાન નિત્યે જે સુણે;
તે સકલ કર્મથી મૂકાય, પરમ પદમાં રહે સમાય.
બ્રહ્મજ્ઞાન રૂદે જેહને, આવા ગમન નહીં તેહને;
જીવન મુક્ત થકો જે રહે. તે દર્શને અઘ ઓઘજ દહે.
બ્રહ્મજ્ઞાન લહે જે કોય, વિદેહી તે કહિયે સોય;
બ્રહ્મજ્ઞાન સુ જો મન મળે (તો) સંસાર બંધન સહેજે ટળે.
સકલ અર્થ તેણે પામીએ. ત્રય તાપ જેણે વામીએ;
જેણે જાણ્યું તે બ્રહ્મજ્ઞાન, દેવી ત્રેમુર્તિ ભગવાન.
સકળ ધર્મ સાધ્યા તે વાર, સકળ દાન કીધાં નિરધાર;
(તેણે) સકળ સાસ્ત્રનો જાણ્યો મર્મ, જેને હૃદયે વસે પરીબ્રહ્મ
બ્રહ્મભાવ રૂદે જેહને, હર્ષ શોક મોહ નવ તેહને;
વસ્તુ વિચાર માંહે જે રહ્યા, દેવી તે જેમ છે તેમ થયા.
રાજ રિદ્ધ વિદ્યા ધન જેહ, શોભા શ્રિય નવાં છે તેહ;
શત્રુ મિત્રમાં નિવાસ નવ કરે, એક બ્રહ્મ ભાવ નિરંતર ધરે
વાંચ્યુ એક જ્ઞાન નિજસાર, તેના પુન્ય તણો નહી પાર;
પરમાર્થ પદ હરી પામીએ. જન્મ મરણ ભવ ભય વામીએ
દ્રવ્યાર્થ અને કામાર્થ જેહ, બ્રહ્મજ્ઞાની ન આચરે તેહ;
વેદ પુરાણ વિશે કર્મ કહે, તૃષ્ણા માંહી મગન થઇ રહે.
કર્મ વિશે જે ખુંચી રહ્યા, મોક્ષ માર્ગ તેણે નવ લહ્યા;
કર્મ વિશે જેનું રહેતું મન, ક્ષણ ક્ષણ તેહને જન્મ પતન
નાના ભાવ જેહને વિષે હોય, મુક્તિ પદ પામે નહી સોય
કર્મ શાસ્ત્ર વિષે જે રમે, તેનું મન કેમે નવ સમે.
કર્મ છુટયા વિના બ્રહ્મ ન મળે, ત્યાં લગી ભવ દુઃખ ભ્રાંતિ
ન ટળે.

કર્મ છુટયાં ત્યારે જાણીએ, જ્યારે મન લયમાં આણીએ.
ચો પ્રકારે અનુભવ કરે, દેવી બ્રહ્મરસ ત્યારે ઠરે;
બ્રહ્મજ્ઞાન સુ જો મન મળે, સંશય શોક તે ત્યારે ટળે.
એકાકિ એકાંતજ રહે, આશ્રય પદ કેનો નવ કરે;
રાગદ્વેષ દોષ સર્વે તજે, વિરક્ત થઇ સદા હરિ ભજે.
વિવેક વિચાર વિનય જેને, મોક્ષ સમીપ સદા તેને;
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય યોગ ધરે, મુક્તિ સદા તેની સેવા કરે.
કલ્પ વૃક્ષ ધન આપે જેમ; ચિંતામણી ત્યાં કહીએ તેમ;
જેમ કામ ધેનુ પુરે કામ (તેમ) અધ્યાત્મ વિદ્યા મુક્તિનો ઠામ.

અધ્યાત્મ વિદ્યા શંકર કહી, ભક્તિ મુક્તિ સધ્ય આપે સહી
અધ્યાત્મ વિદ્યા દેવી મન ધરો, અન્ય ભાવ સઘળો પરહરો
દેવીએ પૂછયાં પ્રશ્ન જેહ, શ્રી મહાદેવે યુક્તે કહ્યાં તેહ;
જે જાણે સંશય સર્વ ટળે. ચિત ચૈતન્યમાં જઇ મળે.
બ્રહ્મજ્ઞાન કેવળ એ કહ્યું, શિવ પ્રસાદે દેવીએ લહ્યું;
જીવ ભાવ ટાળવા કાજ, પ્રગટ તત્વ કહ્યું મહારાજ.
દેવી પ્રત્યે શંકરે કહ્યું જેહ, સદ સંતે અનુભવ્યુ તેહ;
શિવ નિરંજન શ્રી ગુરૂ સાર, અધ્યાત્મ વિદ્યા અતી બ્રહ્મા ગાય.

પંડિત કોઈ ન દેશો ખોડ, સ્તુતિ કરૂ બેઉ કર જોડ;
શ્લોકાર્થ એ સમજુ નહી, બુદ્ધિ માને ચોપાઈ કહી.
નિષ્કર્મ યોગ અનુભવ નિજ સાર, દેહાર્થે બ્રહ્મજ્ઞાન વિચાર;
અહંકાર ટાળવા સહી, બ્રહ્મ વિદ્યા મહાદેવે કહી.
ભક્તિ જ્ઞાન ને યોગ વૈરાગ્ય. કહે બ્રહ્મ વિદ્યા ગુરૂ ભાગ;
મહા ગોપ્ય તે પ્રગટ કરી કહ્યું. વિરલે યોગેન્દ્રે તે લહ્યું.
હસ્તામળ ગ્રંથ એહનું નામ, બ્રહ્મ વિદ્યા નિષ્કર્મ નિષ્કામ;

નિરંજનના પ્રસાદે કરી, બ્રહ્મ વિદ્યા બ્રહ્મે આચરી.
શબ્દ બ્રહ્મ સનાતન જોય, જન્મ મૃત્યુનો ફેરો ખોય;
જન્મ મૃત્યુ તો જ્યારે જશે, પ્રગટ સ્વરૂપ યથાર્થ થશે.
શ્રી શબ્દ બ્રહ્મ છે પ્રણામ, શિવ નિરંજન શ્રી ગુરૂ શ્યામ;
જય જય સ્વામી શ્રી જગદિશ, સર્વે નિરંતર વ્યાપક ઇશ,
તુજ પ્રસાદે કહીએ કથા, તમે ઉપજાવ્યુ તેવું કહ્યું યથા;
રમતા રામ સુ રાખો ધ્યાન, કેવળ નિશ્ચે તે બ્રહ્મજ્ઞાન.
પ્રગટ સ્વરૂપ તો ત્યારે થાય, સદગુરૂ કેરે શરણે જાય;
જે સદગુરૂની પામે દયા, તે જન બ્રહ્મ સ્વરૂપે થયા.
રાખી ચિત જે કોઇ સ્થીર, શુદ્ધ બુદ્ધે સુણે તે વિર;
નિરંજન બ્રહ્મ પદ પામશે તેહ, જન્મ સફળતા નંહી સંદેહ

ઇતિ શ્રી ઉમા મહેશ્વર સંવાદે બ્રહ્મજ્ઞાન ઉપદેશ સંપૂર્ણ

શ્રી શ્રી.

વિવેકી મુમુક્ષુજનો, ખોડ ના દેશો લગાર;
વિશ્વ સર્વ બ્રહ્મ મય છે, બ્રહ્મ છે વિશ્વની માંય.
દીધી પ્રભુએ જેમની, યથા મતી અનુસાર,
સુધારણા પુર્ણ થઇ, શ્રી નડિયાદ મોંઝાર.
સંવત ઓગણિશો અને, ચુવાલીશની સાલ;
નામ માસ એક જાણિયે, વદિ બારસ રવિવાર.

શાર્દુલ વિક્રિડિત.

સીતા શ્યામ રઘુવંશ મણિ પ્રભૂ, પૂજું ઘણા ભાવથી,
પેહેરેલ તનું પિતાંમ્બર ઉરે, શોભે શ્યામ ગાત્રથી;
શોભે વક્ષઃસ્થળ અતી કૌસ્તુભથી, ઓપે કંઠ શ્રી થકી,
એવા પૂર્ણ બ્રહ્મ કાકુત્સ્થને નિત્યે, પાયે લાગુ પ્રેમથી.

સંપૂર્ણ.

સુધ્ધિ પત્રક .(૧)

પાનું.	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૭	ચાન્ચલ્ય	ચાંચલ્ય
૬	૧૪	ધણી	ધણી
૭	૧	દેંવ	દેવ
૦	૭	નિવાર્ણ	નિર્વાણ
૯	૧૪	સુક્ષ્મા	સુષુમ્ના
૯	૧૫	॥	॥
૯	૧૯	પુર્વછપો	પૂર્વછાંયો
૧૩	૨૩	શિક	સુક
૨૫	૧૫	લાલજ	લાળજ
॥	૨૧	વલગન	વલગન
૧૭	૨૬	–	કહે
॥	॥	ઉત્પત્તિ	ઉત્પત્ય
૨૦	૭	શવ	શિવ
૨૧	૧૮	કહ્યા	કહ્યો
૨૨	૬		સુક્ષ્મ કાળ
॥	॥	-	વચન
૨૩	૨૨	ઉધ્વ	ઉર્ધ્વ
૨૪	૨૦	સદ	સદા
૨૭	૨૦	ડા	ઇંડા
॥	॥	પિંગલાઇ	પિંગળા
૩૫	૨૩	બ્રજ્ઞાન	બ્રહ્મજ્ઞાન
૩૬	૨૧	નિરાશ્રિતનિ	નિરાશ્રિત
॥	॥	સ્પૃહી	નિસ્પૃહી
૩૭	૩	તૃષ્મા	તૃષ્ના

״	૬	કુરે	કરે
״	૭	નાના	નાનાં
״	૮	વક્ષી	વશી
״	૧૯	સ્મર્ણુ	સ્મર્ણુન
״	૨૩	અતિયાચાર	અનિયાચાર
૩૮	૨	હોય	હોમ
״	૬	પાવકે	પાવક
״	૧૧	પ્રણામ	પ્રમાણુ
૩૯	૧૨	વિન્ધ	વિઘ્ન
״	૧૮	ત્રણુ	તૃણુ
૪૦	૧૩	તત્વર્દ્ધર્શી	તત્વદર્શિ
૪૧	૩	સ્વન્પ	સ્વપ્ન
״	૨૬	નેમ	નીમ
૪૨	૧૧	દેવીગતર	દીર્વીપાત્ર
૪૩	૬	દશા	દશ
૪૫	૧૦	સદોદિન	સદોદિત
૪૭	૧૮	બ્રહ્મા	બ્રમ
૪૮	૪	બ્રહ્મ	બ્રહ્મને
״	૧૪	ના	ન
״	૧૬	જેમની	જેમતી

આ પુસ્તક નિચે લખેલી ઠેકાણેથી મળશે.

નડીઆદમાં પ્રસીદ્ધ કર્તાને ત્યાંથી.